Tuesday 27, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણમાં ભાજપાની ખડગેની ટિપ્પણી અંગે વિરોધ રેલી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી કથિત અભદ્ર ટિપ્પણીના વિરોધમાં દમણમાં ભાજપ દ્વારા વિરોધ રેલી યોજવામાં આવી હતી. પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ અગ્રિયાના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, મહિલા કાર્યકરો અને સ્થાનિક આગેવાનો જોડાયા હતા.

દમણ સ્થિત ભાજપ કાર્યાલય ખાતે એકત્રિત થયેલા કાર્યકરોએ હાથમાં બેનર અને પોસ્ટર લઈને કોંગ્રેસ તથા તેના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ભાજપ કાર્યાલયથી શરૂ થયેલી આ વિરોધ રેલી નાની દમણ બસ સ્ટોપ સુધી પહોંચી હતી.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ અગ્રિયાએ ખડગેની ટિપ્પણીની આકરી નિંદા કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષથી સત્તાની બહાર રહેલી કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો દેશમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ ક્યારેક યુવાનોના નામે તો ક્યારેક વિવિધ આક્ષેપો દ્વારા દેશમાં સત્તા પરિવર્તનનો મુદ્દો ઉઠાવે છે. મહેશભાઈ અગ્રિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસના કાર્યોને લઈને જનતા વચ્ચે જશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્ષ ૨૦૨૯ની ચૂંટણીમાં પણ દેશની જનતા વિકાસની રાજનીતિને સમર્થન આપશે અને કોંગ્રેસ તથા તેના સહયોગી પક્ષોની રાજનીતિને નકારશે.

આ વિરોધ રેલીમાં દમણ-દીવના પૂર્વ સાંસદ લાલુભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી સુનીલ પાટીલ, પ્રદેશ ઉપપ્રમુખ જીતુભાઈ માઢા, ધર્મેશ ચૌહાણ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ પટેલ, સેલવાસ ગ્રામ્ય જિલ્લા ભાજપ પ્રમુખ દીપક પ્રધાન સહિત દમણના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ભાજપના કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

**ભરતી કરવાની છે**

Female Accountant તથા મેઈનટેન્સ કામ કરી શકે તેવા સુપરવાઈઝર ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી છરવાડા ખાતે આવેલ ભારતી વિલાબા રીસોર્ટમાં ભરતી કરવાની છે.

Contact : 98794 63248

## દાનહમાં આજે કોંગ્રેસની પદયાત્રા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૬ :** દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાના નેતૃત્વમાં અથોલા સ્થિત કોંગ્રેસ સંપર્ક કાર્યાલય ખાતે 'વોટ બચાવો-દેશ બચાવો' અભિયાનને લઈને પત્રકાર પરિષદ યોજાઈ હતી. AICCના અભિયાન પ્રભારી હરીશ (ભૈયા) પવારે મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ, SIR પ્રક્રિયા અને ચૂંટણીની પારદર્શિતા અંગે સવાલો ઉઠાવી દરેક પાત્ર મતદારના મતાધિકારનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પવાર ૨૮ ઓક્ટોબર સુધી પ્રદેશના પ્રવાસે રહેશે. અભિયાન અંતર્ગત ૨૭ ઓક્ટોબરે ઉમરકોઈ બ્લોક-૧માં પદયાત્રા યોજાશે. જ્યારે ૧ નવેમ્બરે દિલ્હીમાં યોજાનારી રેલીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો દિલ્હી જવાની તૈયારી કરી રહ્યા છે.

**દમણગંગા ટાઈમ્સ**
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com









## ભાઠા-રાંભલમાં અગ્નિ માતાજીનો ૨૬મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૨૬ :** બીલીમોરા-અમલસાડ માર્ગ પર આવેલા ભાઠા-રાંભલ ગામના અગ્નિ ફળિયામાં બિરાજમાન સાત માતાજી,અગ્નિ માતા, ચોસઠ જોગણી માતા, મહાકાળી માતા, રતનદેવી માતા, નાનબાઈ માતા, શારદા માતા અને રૂપા માતાના પવિત્ર ધામ ખાતે ૨૬મો વાર્ષિક પાટોત્સવ શરદ પૂર્ણિમાના દિવસે ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. પચ્ચીસ વર્ષ પૂર્વે જીર્ણોદ્ધાર પામેલા આ નૂતન મંદિરે વહેલી સવારથી જ યજ્ઞ-હવન, શ્રી સત્યનારાયણ ભગવાનની કથા અને મહાઆરતી સહિતના વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાયા હતા, જેમાં સેંકડો માઈભક્તોએ એકસાથે સાતેય માતાજીના દર્શન, પૂજન તેમજ મહા-સાદનો લહાવો લઈ ધન્યતા અનુભવી હતી.

આ મહોત્સવમાં તૈયાર કરાયેલી શ્રી આદિયોગીની આબેહૂબ ભવ્ય -તિમા અને મનોહર લાઈટિંગ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા, જેને નિહાળી દર્શનાર્થીઓ મંત્રમુગ્ધ બન્યા હતા. રાત્રિના સમયે 'કવિતા મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા'ના સૂર-તાલ સાથે -ાચીન-અર્વાચીન રાસ-ગરબાની રમઝટ જામી હતી. આ શુભ -સંગે મૂળ ભાઠાના વતની અને હાલ મુંબઈ સ્થિત અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર આયોજનને સફળ બનાવવા દર્પણ પટેલ સહિત ગામના યુવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી

## આહવાના ગ્રામ્ય માર્ગો પર ડામર પેચવર્ક શરુ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૨૬ :** ચોમાસાની ઋતુ પૂર્ણ થતાંની સાથે જ રસ્તાઓના પુનઃનિર્માણ અને સમારકામ અર્થે ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાઢવી-જામલાપાડા રોડ, પિપલાઈદેવી -ધવલીદોડ રોડ અને કાહડોઘોડી મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ પુરવા માટે ડામર પેચ વર્કની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. વરસાદના કારણે આ વ્યસ્ત માર્ગ પર ખાડા પડી જવાથી વાહનચાલકો અને સ્થાનિક રહીશોને મુસાફરીમાં ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. ચોમાસું વિધિવત પૂર્ણ થતાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પેચ વર્ક કામગીરી વર્ક શરૂ કરવામાં આવી છે. આ રસ્તાનું સમારકામ સત્વરે પૂર્ણ થવાથી વાહનવ્યવહાર વધુ સુગમ અને સુરક્ષિત બનશે. પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીનો મુખ્ય હેતુ માર્ગની સપાટીને સુદૃઢ બનાવી વાહન વ્યવહારને વધુ સુગમ બનાવવો, વાહનચાલકોની સલામતી સુનિ?ત કરવી, સંભવિત અકસ્માતોને અટકાવવા તેમજ માર્ગની ગુણવત્તામાં સુધારો કરવો માટેનો છે.

## ડાંગની ૨૧૪ મંડળીઓને મુલ્યાંકન કરી ૧૦ દિવસમાં અભિપ્રાય રજુ કરવા તાકીદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૨૬ :** ડાંગ જિલ્લાની યાદી મુજબની સહકારી મંડળીઓ હાલમાં સ્થગિત અવસ્થામાં હોવાનું જણાયું છે. આ મંડળીઓની હાલની સ્થિતિ અંગે સમીક્ષા કરી આગળની કાર્યવાહી હાથ ધરવા માટે, સંબંધિત મંડળી ચાલુ રાખવાની છે કે બંધ કરવાની છે તે અંગે મૂલ્યાંકન કરી સ્પષ્ટ અભિ-ાય મેળવવો જરૂરી બન્યો છે.

આથી સંબંધિત મંડળીઓના હોદ્દેદારોને જણાવવામાં આવે છે કે, જિલ્લાની કુલ ૨૧૪ મંડળીઓને નોટિસ મળ્યેથી દિન-૧૦ માં જો મંડળી ચાલુ રાખવાની હોય તો તે અંગેનો લેખિત અભિ-ાય, અથવા મંડળી બંધ કરવાની હોય તો તે અંગેનો સ્પષ્ટ લેખિત ઠરાવ તથા સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો સાથે નીચે દર્શાવેલ સરનામે રૂબરૂ સંપર્ક કરવો. સંપર્કનું સરનામું, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ડાંગ - આહવા. `સહકાર ભવન', જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની બાજુમાં, આહવા - ડાંગ નિયત સમયમર્યાદામાં લેખિત જવાબ રજૂ કરવામાં નહીં આવે તો ઉપલબ્ધ રેકોર્ડ અને લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી તેમ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ - આહવાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગણદેવીના ભાટ ગામે સરકારી જમીન પરના દબાણો દૂર કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા.૨૬ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ભાટ ગામે સરકારી જમીન પર વહીવટી તંત્રની મંજૂરી વિના ઉભા કરવામાં આવેલા અનધિકૃત ઝીંગા તળાવો અને દબાણો સામે તંત્ર દ્વારા છેલ્લા ૧૦ દિવસથી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટરશ્રી મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી અને મામલતદાર નેજા હેઠળ અંદાજે ૧,૦૩,૪૦૦ ચો.મી.થી વધુ વિસ્તારના દબાણો દૂર કરવામાં આવ્યા છે. દબાણ દૂર કરવાની કામગીરી હાલ પણ ચાલુ છે.

વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનને દબાણમુક્ત કરવા માટે તબક્કાવાર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અનધિકૃત રીતે બનાવવામાં આવેલા ઝીંગા તળાવો તથા અન્ય દબાણો દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી રહી છે.

## ટાંકલીપાડા અને ઈસદરગામમાં વીજળીના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
આહવા, તા. ૨૬ : ડાંગ જિલ્લાના વહીવટી તંત્રને વધુ ગતિશીલ, પારદર્શી અને લોકાભિમુખ બનાવવાના હેતુસર, તાજેતરમાં જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમારે આહવા તાલુકાના ટાંકલીપાડા અને ઈસદર ગામની મુલાકાત લઈ ગામ લોકો સાથે સીધો સંવાદ સાધી -જાજનોની રજૂઆતો અને -ૈના મૂળ સુધી પહોંચવાનો -યાસ હાથ ધર્યો હતો. આ મુલાકાત દરમિયાન ગ્રામજનો દ્વારા વીજ પુરવઠા તેમજ વીજ સંબધિત



વિવિધ -ૈ અંગે રજૂઆતો કરવામાં આવી હતી. ગ્રામજનોની રજૂઆતને પગલે -ૈના ત્વરિત નિરાકરણ અર્થે કલેક્ટર શ્રી એન.ડી. પરમારે વીજ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. જેના -તિસાદરૂપે -થમ ટાંકલીપાડા ગામે દેવરામભાઈ ભોયેના ખેતીવિષયક વીજ જોડાણ માટેનું ટ્રાન્સફોર્મર જર્જરિત સ્ટ્રક્ચર પર હતુ તેની જગ્યા પર નવા ઉભા કરેલ ટ્રક્ચર ઉપર શિફ્ટ કરવામાં આવ્યું છે. આમ, આહવા વીજ વિભાગે સંબંધિત -ૈનું ત્વરિત અને અસરકારક નિરાકરણ લાવી જરૂરી તકેદારીના પગલાં સાથે વીજ વ્યવસ્થાને સુરક્ષિત બનાવી હતી.

## આંબાબારી વન વિદ્યાલયમાં SDRF દ્વારા જાગૃતિ તાલીમ કાર્યક્રમ યોજાયો

### આપત્તિ વ્યવસ્થાપન, સર્પદંશ સમયે પ્રાથમિક સારવાર, બોટ દુર્ઘટના સમયે લેવાતી સાવચેતી, અગ્નિશામક સાધનનો ઉપયોગ અને સીપીઆર અંગે વિશેષ માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા. ૨૬ :** વન વિદ્યાલય હાઈસ્કૂલ ખાતે એસ.ડી.આર.એફ. (ૡૠૠ) વાવ, સુરત જી.આર. ઈલેવન ટીમ નંબર બે દ્વારા વિદ્યાર્થીઓ અને શાળાના કર્મચારીઓ માટે વિવિધ -કારની આકસ્મિક હોનારતો અને આપત્તિ સમયે રાખવાની સાવચેતી અંગે એક મહત્વપૂર્ણ તાલીમ તથા મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ વિશેષ તાલીમ દરમિયાન એસ.ડી.આર.એફ. ની ટીમ દ્વારા ચોમાસા દરમિયાન આવતા પૂર (જશ્રંફુ) ની પરિસ્થિતિમાં અને અન્ય આકસ્મિક અકસ્માતો સમયે કઈ રીતે સુરક્ષિત બચાવ કામગીરી કરવી તેનું જીવંત નિદર્શન (ડેમો) આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય ગણાતા સર્પદંશ (ૡૈંત્ફૂ ણુજ્ઞ્દફૂ) ના સમયે ગભરાયા વગર કયા -ાથમિક પગલાં લેવા અને કઈ સાવચેતી રાખવી તેની અત્યંત ઉપયોગી માહિતી શેર કરવામાં આવી હતી. સાથે જ, કોઈ વ્યક્તિ બેભાન થઈ જાય કે હાર્ટ એટેક જેવી સ્થિતિ સર્જાય ત્યારે કટોકટીના સમયે તેનો જીવ બચાવવા માટે આપવામા આવતી ખૂબ જ મહત્વપૂર્ણ તબીબી -ક્રિયા ૡ્ભ્ર (કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન) નું -ાયોગિક નિદર્શન આપી વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા.

એસ.ડી.આર.એફ. ટીમ દ્વારા આપત્તિ સમયે ઉપયોગમાં લેવાતા અત્યાધુનિક સાધનોની માહિતી આપી કટોકટીમાં પોતાની જાતને સુરક્ષિત રાખવા સાથે અન્ય લોકોને કઈ રીતે બચાવવા તેની વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.

શાળાના કુલ ૫૪૧ વિદ્યાર્થીઓ અને ૨૨ કર્મચારીઓએ આ જીવનરક્ષક તાલીમનો ઉત્સાહભેર લાભ લીધો હતો. આપત્તિના સમયે સમયસૂચકતા રાખવાની અને -ાથમિક સારવારની આટલી સુંદર સમજ આપવામાં આવી હતી. આ અત્યંત ઉપયોગી અને આરોગ્ય સુરક્ષા -દાન કરતી તાલીમ આપવા બદલ શાળા પરિવાર વતી શાળાના આચાર્ય નરેશભાઈ જે. માહલા એ ૡ્ભ્રજ્ની ટીમ ના ભ.ૃ.ૠ કાંતિભાઈ એસ માહલા.ખ.ૃ.ૠ નવીનભાઈ ચૌધરી તથા તેમની સમગ્ર ટીમ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરા સોમનાથ મંદિરે ઘેરિયા સ્પર્ધા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૨૬ :** બીલીમોરાના સુ-સિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં લાભ પાંચમના પાવન પર્વે આગામી તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬ શનિવારે પરંપરાગત આદિવાસી લોકનૃત્ય ઘેરિયાની ૩૦મી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણના દાદા તરીકે જાણીતા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ત્રણ દાયકાથી યોજાતી આ સ્પર્ધા વિસરાતી જતી લોકકળાને જીવંત રાખવા સાથે નવી પેઢી સુધી તેનો વારસો પહોંચાડવાનું માધ્યમ બની છે. સોમનાથ મંદિરના -ાંગણમાં લાભ પાંચમની ઢળતી સંધ્યાએ ઘેરિયા મંડળીઓના પરંપરાગત નાદ, તાલ અને ઉત્સાહથી સમગ્ર વાતાવરણ લોકસંસ્કૃતિના રંગે રંગાઈ જશે. 'હમરેક મોરચા'ના ગુંજતા નાદ સાથે ઘેરિયાઓની ટોળીઓ પરંપરાગત વેશભૂષામાં નૃત્યની રમઝટ બોલાવશે. રંગબેરંગી સાડી, બ્લાઉઝ, ઘૂઘરમાળ, ઝાંઝર, મોરપીંછ અને ગલગોટાના હારથી સજ્જ ઘેરિયાઓના દાંડિયાના ઠકઠકાટ સાથે પરંપરાગત લોકસંગીતના તાલે મંદિર પરિસર ગુંજી ઊઠશે.ઘેરિયા લોકનૃત્યમાં હિંચ, ખેમટો, દાદર અને ચલતી જેવા તાલનો સુમેળ જોવા મળે છે. આ લોકનૃત્ય માત્ર મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ આદિવાસી સમાજની પરંપરા, સંસ્કૃતિ, સામૂહિક એકતા અને લોકજીવનની આગવી ઓળખનું -તીક છે. સમયના -વાહમાં વિસરાતી જતી આ લોકધરોહરનું જતન થાય અને આવનારી પેઢીઓ પણ તેની સાથે જોડાય તેવા હેતુથી બીલીમોરા સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા દર વર્ષે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.આ સ્પર્ધામાં ભાગ લેનારી ઘેરિયા મંડળીઓ દ્વારા -વેશ, ગરબો, પારણું, લહેરિયું, ઘોડી પર ચઢાવવું અને વધામણી સહિતની પરંપરાગત રજૂઆતો કરવામાં આવશે. વિવિધ મંડળીઓ વચ્ચે યોજાનારી સ્પર્ધામાં લોકકળાની વિવિધતા અને પરંપરાગત નૃત્યશૈલીનો અનોખો સંગમ જોવા મળશે. સ્પર્ધાના વિજેતા મંડળીઓને ઈનામો આપી -ોત્સાહિત કરવામાં આવશે.સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઘેરિયા મંડળીઓએ સોમનાથ મંદિર ટ્રસ્ટની કચેરીમાંથી નિયમાવલી અને અરજીપત્રક મેળવી આગામી તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં ભરેલું અરજીપત્રક કચેરીમાં જમા કરાવવાનું રહેશે. ટ્રસ્ટ દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા માટે કે સ્પર્ધા નિહાળવા માટે કોઈ -વેશ ફી રાખવામાં આવી નથી.આમ, સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાનારી ઘેરિયા સ્પર્ધા આદિવાસી લોકસંસ્કૃતિના સંવર્ધન સાથે પરંપરાગત લોકકળાના ચાહકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. ઘેરિયા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક મંડળીઓને સોમનાથ મંદિર ટ્રસ્ટની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ડાંગના તમામ ૩૧૧ ગામોમાં રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવાશે

### ડાંગ જિલ્લામાં પીએમ કિસાન કાર્યક્રમ અને રાષ્ટ્રીય એકતા દિવસના આયોજન સંદર્ભે કલેક્ટર એન.ડી.પરમારના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૨૬ :** આગામી તારીખ ૩૧ ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે એકતાનગર ખાતે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન માનનીય વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય મહોત્સવના અનુસંધાને ડાંગ જિલ્લામાં ગ્રામ્ય સ્તર સુધી વિવિધ જનકલ્યાણકારી અને રાષ્ટ્રભાવના -ેરક કાર્યક્રમોના સુચારુ આયોજન માટે આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી એન.ડી.પરમારના અધ્યક્ષ સ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.



તારીખ ૩૦ ઓક્ટોબરના રોજ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભીલડી ખાતે વડા-ધાનશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં 'પીએમ કિસાન ઉત્સવ' યોજાનાર છે. આ કાર્યક્રમના ઉપલક્ષ્યમાં ડાંગ જિલ્લા પંચાયતની તમામ ૧૮ બેઠકો પૈકી -ત્યેક બેઠક દીઠ બે-બે કાર્યક્રમોનું આયોજન હાથ ધરાશે. આ ઉપરાંત, તારીખ ૩૧ ઓક્ટોબરના રોજ એકતાનગર ખાતે યોજાનાર મુખ્ય સમારોહની સાથે ડાંગ જિલ્લાના તમામ ૩૧૧ ગામોમાં ઉત્સાહભેર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને કાર્યક્રમોનું સમયબદ્ધ, સુવ્યવસ્થિત અને જનભાગીદારી સાથે આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, -ાથમિક આરોગ્ય સારવાર, અવિરત વીજ પુરવઠો, મંડપ તેમજ મુખ્ય કાર્યક્રમોના જીવંત -સારણ માટે નેટવર્ક કનેક્ટિવિટી જેવી તમામ આનુષંગિક વ્યવસ્થાઓ અગાઉથી જ સુનિ?ત કરવા સંબંધિત વિભાગોને તાકીદ કરવામાં આવી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એસ.ડી.તબીયાર, -ાયોજના વહીવટદારશ્રી ડો. મયુર પરમાર, -ાંત અધિકારી શ્રી યુ.વી.પટેલ તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ સહિત સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : નં.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૬-૧૦-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** આસો વદ, એકમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૫ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૧, **ચંદ્રોદય** - ૦૬:૦૨ **ચંદ્રાસ્ત** - ૦૭:૪૩ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - અશ્વિની

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સપ્તાહની શરૂઆત ખૂબ જ ઉત્સાહજનક રહેશે. નોકરી કે વ્યાપારના ક્ષેત્રમાં કોઈ મોટો આર્થિક લાભ અથવા સારા સમાચાર મળી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારા ભાગ્યના સિતારા મજબૂત રહેશે. અટકેલા કાર્યો સરળતાથી પૂરા થતાં આત્મવિશ્વાસ વધશે.

**મિથુન(ક.છ.ઘ) :** નવા કામની શરૂઆત કરવા માટે આજનો દિવસ અત્યંત સાનુકૂળ અને લાભદાયી છે. તમારી મહેનતનું સાચું પરિણામ મળતા માન-સન્માન વધશે.

**કર્ક(ડ.હ) :** ભૌતિક સુખ-સુવિધાઓ અને ધનલાભના પ્રબળ યોગ છે. નોકરીયાત વર્ગને ઓફિસમાં નવી જવાબદારી અથવા પ્રમોશન મળી શકે છે.

**સિંહ(મ.ટ.) :** કાર્યસ્થળે ચાલી રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓનો તમે તમારી ચતુરાઈથી કુશળતાપૂર્વક ઉકેલ લાવી શકશો. ઉચ્ચ અધિકારીઓ તમારા કામથી પ્રભાવિત થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કલા, મીડિયા અને સર્જનાત્મક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને નવી ઉત્તમ તકો મળી શકે છે. નોકરીની સ્થિતિ સારી રહેશે.

**તુલા (ર.ત.) :** લાંબા સમયથી ચાલી રહેલી આર્થિક ચિંતાઓનો અંત આવશે અને મન પ્રસન્ન રહેશે. આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે છે. મિત્રો કે જીવનસાથી સાથે સારો સમય વિતાવી શકશો.

**વૃશ્ચિક(ન.ય.) :** સમાજમાં તમારો પ્રભાવ અને પ્રતિષ્ઠા વધશે. કોઈ મહત્વપૂર્ણ અથવા વગદાર વ્યક્તિ સાથે મુલાકાત લાભદાયી નીવડશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** પરિવારમાં કોઈ માંગલિક પ્રસંગ કે ધાર્મિક આયોજન થવાની સંભાવના છે, જેનાથી ઉત્સાહનો માહોલ રહેશે. આર્થિક રીતે આવકમાં વધારો થશે.

**મકર(જ.ખ) :** તમારી બુદ્ધિ અને વાતચીતની શૈલીથી અટકેલા સરકારી કે કાનૂની કાર્યો પૂર્ણ કરી શકશો.

**કુંભ(ગ.શ.સ.) :** આજે આવકના નવા સ્ત્રોત ઊભા થતાં આર્થિક લાભ થશે. વ્યાપારમાં મોટો ફાયદો થવાની સંભાવના છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** કાર્યક્ષેત્રમાં નવી મહત્વપૂર્ણ જવાબદારીઓ મળવાના કારણે માન-પ્રતિષ્ઠામાં વધારો થશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

## વાપીના મુખ્ય બજારમાં પાર્કિંગની સુવિધાથી ટ્રાફિક સમસ્યા હળવી થશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીના મુખ્ય બજારમાં ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી માર્કેટની બાજુમાં આવેલી સરકારી ખુલ્લી જગ્યામાં કાર અને બાઈક પાર્કિંગ માટે પાટા પાડીને વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી બજારમાં ખરીદી કરવા આવતા ગ્રાહકોને વાહનો પાર્ક કરવામાં સરળતા રહેશે અને ટ્રાફિકની સમસ્યા હળવી થવાની આશા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વાપીના મુખ્ય બજારમાં ખરીદી માટે આવતા ગ્રાહકો દ્વારા રસ્તા પર આડેધડ કાર અને બાઈક પાર્ક કરવામાં આવતાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. બીજી તરફ, રસ્તા પર વાહનો પાર્ક કરવાને કારણે ટ્રાફિક પોલીસ દ્વારા વાહનો લોક કરી દેવા સહિતની કાર્યવાહી કરવામાં આવતી હોવાથી ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

આ સમસ્યાના ઉકેલ માટે વેપારી એસોસિએશન, કેટલાક દુકાનદારો તેમજ સ્થાનિક રહેવાસીઓ દ્વારા વાપી મહાનગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા મુખ્ય બજારમાં મહાત્મા ગાંધી માર્કેટની બાજુમાં આવેલી સરકારી ખુલ્લી જગ્યામાં કાર અને બાઈક પાર્કિંગ માટે પાટા પાડીને વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, આ ખુલ્લી જગ્યામાં અગાઉથી જ વાહનો પાર્ક કરવામાં આવતા હોવાથી નવી વ્યવસ્થા બાદ ખરીદી માટે આવતા ગ્રાહકોને પૂરતી પાર્કિંગની જગ્યા મળશે કે કેમ તેવો પ્રશ્ન પણ ઊભો થયો છે. ત્યારે બજારમાં ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા જાળવવી જરૂરી બની છે.

## વાપી દેવજ્ઞ સમાજ દ્વારા રાસ ગરબા યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વદર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી દૈવજ્ઞ સમાજ મિત્ર મંડળ દ્વારા રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ગત રોજ તા. ૨૪-૧૦-૨૦૨૬, શનિવારના રોજ શ્રી રંગ દૈવજ્ઞ ભવન, વાપી ખાતે રાત્રે ૮ વાગ્યાથી ગરબાનો પ્રારંભ થયો હતો. મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ-બહેનોએ પરંપરાગત વેશભૂષામાં ઉપસ્થિત રહી માં ની આરાધના કરી હતી. આ પ્રસંગે શ્રી દૈવજ્ઞ સમાજ આયોજિત ફેન્સી ડ્રેસ સ્પર્ધા ૧ થી ૭ અને ૮ થી ૧૪ વર્ષ અને આરતી ડેકોરેશન સ્પર્ધા ૧૫ વર્ષથી ઉપરની યોજાઈ હતી. બાળકોએ વિવિધ વેશભૂષામાં અને મહિલાઓએ ઈકો-ફ્રેન્ડલી સામગ્રીથી શણગારેલી આરતી થાળીઓથી સૌનું મન મોહી લીધું હતું. ફેન્સી ડ્રેસમાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા મંડળના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતે અલ્પાહાર સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## દમણમાં સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા શરદ પૂર્ણિમા ઉજવાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** બ્રહ્મો સમાજ દ્વારા ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ શનિવાર સાંજે, દમણના દુનેથા સ્થિત ડ્યુન્સ રેસિડેન્સી ખાતે ભવ્ય શરદ પૂર્ણિમા રાસ ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત આરતીથી થઈ હતી, ત્યારબાદ આરતી થાળી શણગાર સ્પર્ધા અને રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ હતી. પાંચ અલગ અલગ વય જૂથોમાં ૫૦ થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લીધો હતો. સહભાગીઓએ તેમના પરંપરાગત પોશાક, નૃત્ય શૈલીઓ અને પ્રભાવશાળી પ્રદર્શનથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સ્પર્ધાના વિજેતાઓને ઈનામોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બધા ઈનામો સમાજના ભૂતપૂર્વ પ્રમુખ રાજેશ ઉપાધ્યાય દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મોનિકા બારડ સેવા આપી હતી. જોશીએ સમાજના તમામ સભ્યો અને કોર કમિટીનો કાર્યક્રમને સફળ બનાવવામાં સતત સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે તમામ સભ્યોના સહયોગ અને સમર્પણ વિના કોઈપણ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવું અશક્ય છે. તેમણે કલ્પેશ પટેલ અને ડ્યુન્સ રેસિડેન્સીની સમગ્ર મેનેજમેન્ટ ટીમનો ખાસ આભાર માન્યો હતી. ઉપસ્થિત તમામ સભ્યો અને મહેમાનો માટે સ્વાદિષ્ટ રાત્રિભોજન પીરસવામાં આવ્યું હતું. આ ઉજવણીએ સમુદાયની પરસ્પર સંવાદિતા, એકતા અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાણને વધુ મજબૂત બનાવ્યું. સમગ્ર કાર્યક્રમ આનંદ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થયો હતો.

## વાપીમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા શરદ પૂનમની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** સવાપીમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા શરદ પૂનમના પાવન અવસરે રાસ ગરબા અને ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ મધુભાઈ માંગુકિયા સહિત સમાજના અગ્રણીઓ, યુવાનો અને મોટી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહી શરદ પૂનમની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

વાપી અને આસપાસના વિસ્તારોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. વાપી ખાતે સમાજનું ભવ્ય ભવન આવેલું છે, જ્યાં સમાજના અગ્રણીઓ દ્વારા હિન્દુ ધર્મના વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ જ પરંપરાને આગળ ધપાવતા નવરાત્રી અને દશેરા બાદ તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શનિવારે શરદ પૂનમ નિમિત્તે સાંજે ૬ વાગ્યે રાસ ગરબા અને ભોજન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત સમાજના પ્રમુખ મધુભાઈ માંગુકિયા તથા અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણી નાનુભાઈ પટેલ, સમાજના માજી પ્રમુખ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શરદ પૂનમના આ ઉત્સવમાં ઉપસ્થિત લોકોએ પરંપરાગત રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. રાસ ગરબા અને ભોજનના કાર્યક્રમ થકી સમાજના સભ્યો એકત્રિત થયા હતા અને પરસ્પર સ્નેહ, એકતા તથા સામાજિક સંવાદિતાનો સંદેશ આપ્યો હતો.

## ઉમરસાડીના લેખક ધનંજય દેસાઈના પુસ્તકનું લોકાર્પણ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** ગુજરાતી ભાષાના જાણીતા પત્રકાર અને લેખક ધનંજય દેસાઈ દ્વારા રચિત પુસ્તક 'ડિપ્રેશન - શોર્ટ ટેમ્પરની લોંગ ટર્મ ઈફેક્ટ'નું લોકાર્પણ આગામી ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રના બોરીવલી વેસ્ટ ખાતે યોજાશે. જાણીતા મનોચિકિત્સક ડૉ. રશ્મિન ચોલેરાના હસ્તે પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી હોટલ ગ્રેન વિલ, કોરા કેન્દ્ર ગ્રાઉન્ડ નંબર-૧ની સામે યોજાશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ પંડ્યા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા રાજેન્દ્રભાઈ દયાળજી દેસાઈ (મૂળ વતન ઉંમરસાડી, પારડી), સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના ભૂતપૂર્વ ટ્રસ્ટી કરૂણાશંકર ઓઝા તેમજ પ્રકાશક એન. એમ. ઠક્કર કંપનીના હેમંત ઠક્કર વિશેષ ઉપસ્થિતિ આપશે.

પુસ્તકના શીર્ષકમાં દર્શાવ્યા મુજબ, ડિપ્રેશન અને ટૂંકા સ્વભાવની લાંબા ગાળાની અસરો જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને આ પુસ્તકની રચના કરવામાં આવી છે. પુસ્તકના લોકાર્પણ પ્રસંગે સાહિત્ય, પત્રકારત્વ, શિક્ષણ અને તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકાર જયેશ શુક્લ કરશે.

## વાપીમાં શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા રાસ-ગરબા મહોત્સવ ઉજવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપી દ્વારા શરદ પૂર્ણિમાના પાવન અવસરે વાપીના Via Ground ખાતે આવેલા Turf Cricket Ground માં ભવ્ય રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના અંદાજે ૨૫૦થી ૩૦૦ જેટલા સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પરંપરા, સંસ્કૃતિ અને સામાજિક એકતાના સુંદર સમન્વય સમાન આ કાર્યક્રમ આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વાપીના ડી.વાય.એસ.પી. બી. એન. દવે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમાજના પ્રમુખ હાર્દિક મહેતા તથા સમગ્ર ટીમ દ્વારા દવેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીઓ ચૈતન્યભાઈ ભટ્ટ, મહેશભાઈ પંડ્યા, અગ્નિતભાઈ જાની અને શરદભાઈ ઠાકર તથા સમાજના પૂર્વ પ્રમુખો ચંદુભાઈ પંડ્યા, સંદીપભાઈ દવે, પંકજભાઈ શુક્લ, મિતેશભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ જાની અને ચંદ્રકાંતભાઈ વ્યાસ સહિત સમાજના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના હરિષભાઈ રાવલ, નિલેશભાઈ ભટ્ટ, મહિલા મંડળનાં પ્રમુખ હેમાબેન વ્યાસ, મંત્રી અલ્પાબેન ભટ્ટ તથા તેમની ટીમે પણ કાર્યક્રમમાં ઉત્સાહભેર હાજરી આપી હતી. સમાજના પ્રમુખ હાર્દિક મહેતાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો, સમાજના સભ્યો અને પરિવારજનોનું સ્વાગત પ્રવચન દ્વારા અભિવાદન કર્યું હતું. રાસ-ગરબાના કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે જતિનભાઈ મોનાની અને હિરલ કન્હુરકર પોતાની સેવાઓ આપી હતી. ગરબા રમનાર ભાઈઓ-બહેનો માટે વિવિધ ભેટોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓ માટે લાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત તમામ ઉપસ્થિતો માટે સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જે કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની હતી. કાર્યક્રમ દરમિયાન સમાજના ટ્રસ્ટી મહેશભાઈ પંડ્યા અને શરદભાઈ ઠાકરે પણ સમાજને સંબોધન કરીને માર્ગદર્શન આપ્યું હતું. સમાજના મંત્રી રજતભાઈ રાવલે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું

તેમજ અંતમાં આભારવિધિ કરી હતી.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપીની વર્ષ ૨૦૨૫-૨૭ની સમગ્ર કમિટીના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમાજના અગ્રણીઓ, દાતાઓ, સ્પોન્સરો, અને તમામ સ્વયંસેવકોના સહયોગથી શરદ પૂર્ણિમાનો આ રાસ-ગરબા મહોત્સવ યાદગાર બન્યો હતો.

## વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મીઓ ગરબે ઘૂમ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** સમગ્ર નવરાત્રી દરમિયાન ઉત્સાહ અને ઉમંગ સાથે કોઈ પણ અનિચ્છનીય બનાવ વિના પર્વ પાર પડે તે માટે વાપી પોલીસના કર્મચારીઓએ ખડેપગે ફરજ નિભાવી હતી. આ સફળ કામગીરી બાદ શનિવારે રાત્રે વાપી ટ્રાફિક પોલીસ દ્વારા એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. વાપી હાઈવે સ્થિત ટ્રાફિક પોલીસ સ્ટેશન પરિસરમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ અને પોલીસ પરિવારના સભ્યો એકઠા થયા હતા અને ગરબાની રમઝટ બોલાવી હતી. ખાસ કરીને છેલ્લા ૧૦ વર્ષમાં પહેલી વખત હોમગાર્ડ અને TRB જવાનો માટે આ ખાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કારણ કે આ જવાનો સાંજે ૪ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી સતત ફરજ બજાવતા હોવાથી તેઓ નવરાત્રીનો આનંદ માણી શકતા નથી. તેથી તેઓ પણ ગરબાનો આનંદ લઈ શકે તે માટે ટ્રાફિક પોલીસ સ્ટેશન પરિસરમાં આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે, ટ્રાફિક પોલીસ સ્ટેશનના પી.આઈ. કાનાણી સહિતના અધિકારીઓ દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ જવાનો, હોમગાર્ડ અને TRB જવાનો પરિવાર સાથે ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

## સેલવાસની રેડ ક્રોસ સ્કુલમાં સ્કાઉટ એન્ડ ગાઈડાનો દીક્ષા સમારોહ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૬ :** ડેપ્યુટી કલેક્ટર અમિત કુમારે એક દીક્ષા સમારોહ (ઈન્ડક્શન કેમ્પ) દરમિયાન રેડ ક્રોસ સ્પેશિયલ સ્કાઉટ એન્ડ ગાઈડ યુનિટમાં નવા સભ્યોનો સમાવેશ કર્યો. શાળાના સભાગૃહમાં સવારે ૧૧ વાગ્યે રેડ ક્રોસ સ્કૂલ સ્પેશિયલ સ્કાઉટ એન્ડ ગાઈડ યુનિટ માટે એક દિવસીય દીક્ષા સમારોહ યોજાયો હતો. મુખ્ય અતિથિ તરીકે ડેપ્યુટી કલેક્ટર અને રેડ ક્રોસ સ્કૂલના સચિવ અમિત કુમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, શાળાના આચાર્ય અને સ્ટેટ કમિશનર (ગાઈડ્સ) ડૉ. જ્યોતિર્મય સુર, સ્ટેટ હેડક્વાર્ટર કમિશનર (સ્કાઉટ્સ) અજય હરિજન, સક્રિય સ્કાઉટ એન્ડ ગાઈડ ફેલોશિપના સભ્યો સ્વરૂપ શાહ અને રાહુલ શાહ, સ્કાઉટ માસ્ટર રાકેશ પટેલ તથા ગાઈડ કેપ્ટન દીપાબેન પટેલ પણ હાજર હતા. અમિત કુમારે ૩૫ નવા સ્કાઉટ્સ અને ગાઈડ્સ તેમજ ૭ શિક્ષકોને સ્કાર્ફ પહેરાવી અને સ્કાઉટ એન્ડ ગાઈડના શપથ લેવડાવીને યુનિટમાં સામેલ કર્યા. કાર્યક્રમના અંતે, ડૉ. જ્યોતિર્મય સુરે આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમિત કુમાર, દાદરા અને નગર હવેલી વહીવટીતંત્ર તેમજ ઉપસ્થિત મહેમાનો, વાલીઓ અને શિક્ષકોનો આભાર માન્યો હતો.

## સુલિયામાં ગાવદેવી માવલીની છ દિવસીય પૂજા યોજાઈ



**પાંચ વર્ષે યોજાતી પરંપરામાં ડાંગર, નાગલી સહિત નવા પાકની પૂજા**

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૬ :** કપરાડા તાલુકાના સુલિયાગામમાં વર્ષોથી ચાલી આવતી આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવા ગામના વડીલો દ્વારા ગાવદેવી માવલીની પૂજાનો છ દિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગામમાં સુખ-શાંતિ જળવાઈ રહે, ખેતીમાં સારો પાક થાય અને પ્રકૃતિ સાથે જોડાયેલી માન્યતાઓનું જતન થાય તેવા હેતુથી દર પાંચ વર્ષે આ પરંપરાગત ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આદિવાસી સમાજમાં પ્રાચીન સમયથી ચાલી આવતી આ પરંપરામાં ગામના વડીલો અને માવલીઓ દ્વારા છ દિવસ સુધી મઠમાં રહી રાત્રિ દરમિયાન જાગરણ કરવામાં આવે છે. ગાવદેવી માવલી સહિત વિવિધ દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવે છે. ખેતીમાં થયેલા નવા પાકમાંથી ડાંગર, નાગલી (રાગી) સહિતની ઉપજ દેવીને અર્પણ કર્યા બાદ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ પરંપરા દ્વારા પ્રકૃતિ, ખેતી અને આદિવાસી સંસ્કૃતિ પ્રત્યેની આસ્થાને વ્યક્ત કરવામાં આવે છે.

કાર્યક્રમના પ્રથમ દિવસે ગાવદેવીની પૂજા અને જાગરણ કરીને તમામ દેવી-દેવતાઓને પૂજવામાં આવે છે. બીજા દિવસથી મઠમાં માવલીઓનું જાગરણ શરૂ થાય છે. પરંપરાગત માન્યતા મુજબ મઠમાં બેસ્યા બાદ માવલીઓએ છ દિવસ સુધી મઠમાં જ રહેવાનું હોય છે અને આ સમય દરમિયાન કેટલાક વિશેષ નિયમોનું પાલન કરવાનું હોય છે. ત્રીજા દિવસે તમામ માવલીઓ અને ગામના વડીલો પ્રાચીન સમયથી પસંદ કરાયેલા કડા (ધોધ) ખાતે જાય છે. ત્યાં શરીરશુદ્ધિની ધાર્મિક વિધિ કરવામાં આવે છે અને ભોજન કર્યા બાદ ફરી મઠમાં પરત ફરે છે.ચોથા દિવસે રાત્રિના સમયે માવલીઓ અને વડીલો જંગલમાંથી પસાર થઈ ડુંગર દેવની પૂજા માટે ડુંગર પર જાય છે. આ યાત્રામાં મુખ્ય માવલી આગળ રહે છે, જ્યારે અન્ય માવલીઓ તેની પાછળ ચાલે છે. તેમની પાછળ અનુભવી વ્યક્તિ ચાલીને સૌની સુરક્ષા અને વ્યવસ્થા પર ધ્યાન રાખે છે. ડુંગર પર પહોંચ્યા બાદ આખી રાત જાગરણ કરવામાં આવે છે અને પરંપરા મુજબ ડુંગર દેવને મરઘી અર્પણ કરવામાં આવે છે. ત્યારબાદ તમામ લોકોની ગણતરી કરીને તેઓ મઠમાં પરત ફરે છે. પાંચમા દિવસે ગામના લોકો એકત્ર થઈ આનંદ અને ઉત્સાહ સાથે સામૂહિક ભોજન કરે છે. છઠ્ઠા દિવસે નવી માવલી તરીકે જોડાયેલી વ્યક્તિઓની પરંપરાગત કસોટી કરવામાં આવે છે. આદિવાસી માન્યતા મુજબ, નવી માવલીની જાણ બહાર તેના નામ સાથે જોડાયેલી મરઘી અલગ-અલગ સ્થળે રાખવામાં આવે છે. ત્યારબાદ તે વ્યક્તિ પોતાની મરઘી શોધીને લાવે છે કે નહીં તેના આધારે પરંપરાગત વિધિ કરવામાં આવે છે. નવી માવલીઓને આગળની પૂજા અને ગામના ધાર્મિક કાર્યક્રમોમાં સામેલ કરવા માટે વિશેષ નિયમોનું પાલન કરાવવામાં આવે છે.

આ સમગ્ર કાર્યક્રમમાં વડીલોમાંથી મુખ્ય પૂજારી તમામ દેવી-દેવતાઓની પૂજા અને નવા પાકનું અર્પણ કરાવવાની જવાબદારી નિભાવે છે. મુખ્ય માવલી સહિત અન્ય માવલીઓ આ ધાર્મિક વિધિમાં ભાગ લે છે. પરંપરાગત માન્યતા મુજબ ભંશે દેવ, ગાવ દેવ, ડુંગર દેવ, ધુંધા સવંત, સંતની આસરા, કાંટેય દેવ, અગ્નિ દેવ અને લોહરા દેવ સહિતના દેવતાઓનો માવલીઓ સાથે સંબંધ માનવામાં આવે છે.

સુલિયા ગામમાં મુખ્ય માવલી તરીકે ગંગાભાઈ ચૌધરી અને મુખ્ય પૂજારી તરીકે રઘોભાઈ થાપડ આ પરંપરાના આયોજન અને મઠની વ્યવસ્થામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

સુલિયા ગામમાં કુંકણા, વારલી અને કોળચા સહિતના આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. આ ઉપરાંત ચૌધરી, સાહરે, માલગાવી, ગાંવિત, મુકના, થાલકર, થાપડ, પવાર, મહાકાલ, ગવળી, ટોપલે, સોનાર, ગાયકવાડ અને ચૌહાણ સહિત વિવિધ અટક ધરાવતા પરિવારો પણ રહે છે. ગામના લોકો વર્ષોથી ભાઈચારા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ સાથે રહેતા આવ્યા છે.

છ દિવસીય કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ ગામવાસીઓ એકત્ર થઈ સામૂહિક ભોજન કરે છે. આ આયોજન માત્ર ધાર્મિક વિધિ પૂરતું મર્યાદિત ન રહેતાં આદિવાસી સંસ્કૃતિ, પરંપરાગત માન્યતાઓ, પ્રકૃતિ સાથેના સંબંધ અને સામાજિક એકતાને જાળવી રાખવાનું માધ્યમ બન્યું છે. ગામના વડીલોના માર્ગદર્શન હેઠળ આ પરંપરા આગામી પેઢી સુધી જીવંત રહે અને ગામમાં સુખ-શાંતિ જળવાઈ રહે તેવા આશય સાથે આગામી પાંચ વર્ષે ફરી આ કાર્યક્રમ યોજવામાં આવશે.

## જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમોથી 33,૭૪૮ અરજીનો નિકાલ થયો

**શહેરી વિસ્તારની ૪,૯૫૩માંથી ૪,૮૯૧ અરજીનો નિકાલ, જ્યારે ગ્રામ્ય વિસ્તારની તમામ ૨૮,૮૫૭ અરજીનો સ્થળ પર જ ઉકેલ : શાળાના ૧૧,૮૪૦ વિદ્યાર્થીઓને કૃમિનાશક દવા અને રસીકરણનો લાભ મળ્યો, ૧૯ દિવસમાં ૪૫ સેવાસેતુ યોજાયા**



(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૨૬ :** અંતરિયાળ ગામડાના લોકોએ સરકારી કચેરીને લગતા નાના મોટા કામ માટે તાલુકા અથવા મુખ્ય મથકની સરકારી કચેરી સુધી નોકરી ધંધામાં રજા મુકી જવુ પડે છે. આ મજબૂરીમાંથી પ્રજાને મુક્તિ અપાવવા સરકાર સામે ચાલીને પ્રજાના દ્વારે આવી છે એવો અભિગમ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અપનાવી ગામે ગામ સેવાસેતુ કાર્યક્રમ યોજવા આહવાન કર્યુ હતું. જે હકીકતમાં લોકસેવાનું અસરકારક માધ્યમ બન્યુ છે. સેવાસેતુને પગલે ગામડાંથી લઈને શહેરો સુધીના લોકોને એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓનો લાભ મળતાં તેમના સમય, શક્તિ અને નાણાંની બચત થઈ છે. વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તા. ૨૧ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર દરમિયાન યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં ૩૩૭૪૮ અરજીઓનો સ્થળ ઉપર જ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.

સેવાસેતુ કાર્યક્રમ સાચા અર્થમાં સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ બની સરકારી સેવાનો લાભ ઘરઆંગણે પહોંચાડી રહ્યો છે. વલસાડ જિલ્લામાં ૧૯ દિવસ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં ૩૭ અને શહેરી વિસ્તારોમાં ૮ મળીને કુલ ૪૫ સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કેમ્પના માધ્યમથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ, પ્રમાણપત્રો અને નાગરિકલક્ષી સેવાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકોને તાલુકા કે જિલ્લા મથક સુધી જવાની જરૂર ન પડે તે દિશામાં આ આયોજન મહત્ત્વપૂર્ણ સાબિત થયું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં યોજાયેલા સેવાસેતુ કેમ્પમાં બાળકોના આરોગ્ય અને સુખાકારી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા ૧૧,૮૪૦ બાળકોને કૃમિનાશક દવા અને રસીકરણનો લાભ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત આધારકાર્ડમાં સુધારા તેમજ ૧૮ વર્ષથી ઓછી વયનાં બાળકોની આધાર નોંધણી સહિતની સેવાઓનો ૧,૧૧૭ લોકોએ લાભ લીધો હતો. જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, ઘરેલુ વીજ જોડાણ, કિસાન ક્રેડિટ કાર્ડ, જનધન ખાતું, ભીમ એપ, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, આવકનો દાખલો, નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર અને દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના, દિવ્યાંગો માટેનો બસ કન્સેશન પાસ, અનુસૂચિત જાતિ માટેની સેવાઓ, ડ

ૉ. આંબેડકર આવાસ યોજના, પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અને મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના સહિતની વિવિધ સેવાઓનો લાભ લેવા માટે પણ નાગરિકોને એક જ સ્થળે સુવિધા મળી હતી.

શહેરી વિસ્તારોમાં પ્રોપર્ટી ટેક્સ, રેશનકાર્ડમાં સુધારા, જન્મ-મરણનાં પ્રમાણપત્રો, વ્યવસાયવેરો, આવકના દાખલા અને આવાસ યોજનાને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આમ, અલગ-અલગ સરકારી કચેરીઓમાં જવાની જરૂરિયાત ઘટાડીને નાગરિકોને સરળતાથી સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ સફળ રહ્યો હતો. આગામી દિવસોમાં પણ સેવાસેતુ નિયમિત યોજાય તેવી લાભાર્થીઓએ અપેક્ષા વ્યકત કરી હતી.

### જિલ્લાની એક મનપા અને ચાર પાલિકા પૈકી સૌથી વધુ અરજી વાપી- વલસાડમાં આવી

વલસાડ જિલ્લામાં વાપી મહાનગરપાલિકા તેમજ વલસાડ, પારડી, ધરમપુર અને ઉમરગામ નગરપાલિકા વિસ્તારોમાં યોજાયેલા સેવાસેતુ કેમ્પમાં કુલ ૪,૯૫૩ અરજીઓ મળી હતી. તેમાંથી ૪,૮૯૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે ૬૨ અરજી પડતર રહી હતી. વિસ્તૃત વિગત જોઈએ તો, વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ૨,૫૬૨ અરજી મળી હતી, જેમાંથી ૨,૫૩૨નો નિકાલ થયો હતો. જ્યારે ૩૦ પેન્ડિંગ રહી હતી. વલસાડ નગરપાલિકામાં ૪૪૯ અરજી, ઉમરગામ નગરપાલિકામાં ૮૫૧ અને ધરમપુર નગરપાલિકામાં ૭૧૭ અરજીઓ મળી આ ત્રણેય પાલિકામાં તમામ અરજીનો નિકાલ કરી ૧૦૦ ટકા લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યો હતો. બીજી તરફ,પારડી નગરપાલિકા વિસ્તારમાં મળેલી ૩૭૪ અરજીઓમાંથી ૩૪૨નો નિકાલ થયો હતો, જ્યારે ૩૨ અરજીઓ પડતર રહી હતી.

### તાલુકા કક્ષાએ ૧૦૦ ટકા સિદ્ધિ : સૌથી વધુ વલસાડમાં ૭૧૭૯ અરજીનો નિકાલ

સેવાસેતુ કાર્યક્રમની સૌથી નોંધપાત્ર સફળતા ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી હતી. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાંથી કુલ ૨૮,૮૫૭ અરજી મળી હતી અને તમામ અરજીઓનો નિકાલ કરીને ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવ્યો હતો. તાલુકાવાર આંકડા મુજબ, વલસાડ તાલુકામાં સૌથી વધુ ૭,૧૭૯ અરજી મળી હતી. ત્યારબાદ ધરમપુરમાં ૫,૯૮૯, ઉમરગામમાં ૪,૪૪૫, કપરાડામાં ૪,૨૫૩, પારડીમાં ૩,૮૧૩ અને નાનાપોંઢામાં ૩,૧૭૮ અરજી મળી હતી. આ તમામ અરજીનો નિકાલ કરવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ પોતાના ગામની નજીક જ મળ્યો હતો.

Tuesday 27, October 2026
દમણગંગા ટાઇમ્સ

# વિશેષ વાંચન

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત







## રામાયણનું એડવાન્સ બુકિંગ ૮ કરોડને પાર, ટિકિટ ૩,૧૭૦ સુધી પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા) રણબીર કપૂર અને સાઉથ સુપરસ્ટાર યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ: રાઈઝ ઓફ એ લીજેન્ડ' રિલીઝ થાય તે પહેલા જ બોક્સ ઓફિસ પર ધમાકો કરી રહી છે. બોક્સ ઓફિસ ટ્રેકિંગ પોર્ટલ Sacnilk ના તાજેતરના અહેવાલ મુજબ, 5 નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહેલી આ ફિલ્મે પ્રથમ દિવસ માટે જ 8.16 કરોડથી વધુનું એડવાન્સ બુકિંગ મેળવી લીધું છે. ટ્રેડ એનાલિસ્ટ્સનું માનવું છે કે રિલીઝના દિવસ સુધીમાં આ આંકડો 10 કરોડને પાર કરી જશે.એડવાન્સ બુકિંગના મામલે દિલ્હી-NCR સૌથી આગળ રહ્યું છે, જ્યાં એકલા આ વિસ્તારમાંથી જ 2 કરોડના ટિકિટો વેચાઈ ચૂક્યા છે, જે કુલ એડવાન્સ બુકિંગના 24 ટકા જેટલું છે. બીજા ક્રમે મુંબઈ આવે છે, જ્યાંથી 1.48 કરોડની ટિકિટોનું બુકિંગ થઈ ગયું છે. જો રાજ્યવાર વાત કરીએ તો મહારાષ્ટ્ર શીર્ષ સ્થાન પર છે, જ્યાંથી કુલ 2.14 કરોડનું બુકિંગ નોંધાયું છે. ફિલ્મનો હિન્દી વર્ઝન પ્રેક્ષકોમાં સૌથી વધુ લોકપ્રિય સાબિત થઈ રહ્યો છે. કુલ એડવાન્સ બુકિંગના 91 ટકા એટલે કે આશરે 7.39 કરોડ એકલા હિન્દી વર્ઝનમાંથી આવ્યા છે, જેમાં દર્શકો હિન્દી 3D શોઝને વધુ પસંદ કરી રહ્યા છે.સિનેમાપ્રેમીઓમાં આ ફિલ્મને લઈને એવો ક્રેઝ છે કે ટિકિટના દરોએ પણ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. મુંબઈના કેટલાક પ્રીમિયમ થિયેટરોમાં બપોર અને સાંજના શો માટે રિક્લાઈનર સીટનો ભાવ 3,170 સુધી પહોંચી ગયો છે. વર્લી સ્થિત INOX Insignia માં પણ ટિકિટ 2,370 માં વેચાઈ રહી છે. IMAX 3D, 4DX અને Dolby જેવા પ્રીમિયમ ફોર્મેટમાં સ્ક્રીન્સ મર્યાદિત હોવા છતાં, એકંદર બુકિંગમાં તેમનો હિસ્સો 29 ટકા રહ્યો છે.નિર્દેશક નિતેશ તિવારીના ભવ્ય નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ કુલ 6 ભાષાઓમાં રિલીઝ થશે. કન્નડ વર્ઝનમાં અત્યાર સુધીમાં 55.96 લાખનું બુકિંગ થયું છે, જેમાં એકલા બેંગલુરુથી 43.21 લાખનો હિસ્સો છે. ફિલ્મનો હિન્દી વર્ઝન 3 કલાક અને 15 મિનિટનો લાંબો રન-ટાઈમ ધરાવે છે, જ્યારે આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો માટે અંગ્રેજી વર્ઝનને 2 કલાક અને 45 મિનિટનું રાખવામાં આવ્યું છે.

## અર્શદ વારસીની જોલી એલએલબીની પ્રિકવલનું નિર્દેશન ઉમેશ શુક્લ કરે છે

જોલી એલએલબી ફ્રેન્ચાઇઝનો ચોથો ભાગ હાલ બની રહ્યો છે અને તેનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૭માં પુરું કરી દેવામાં આવશે. આ ફિલ્મનું નિર્દેશન ઓએમજી ફેમ ઉમેશ શુક્લ કરી રહ્યા છે.

આ પ્રિક્વલ ફિલ્મમાં અર્શદ વારસીની સાથે સૌરભ શુકલાનું પણ પુનરાગમન થશે. અગાઉની ત્રણે જોલી એલએલબી ફિલ્મોનું લેખન અને નિર્દેશન સુભાષ કપૂરે કર્યું હતું. ૨૦૧૩માં આવેલી પહેલી જોલી એલએલબીમાં જોલીનું પાત્ર અર્શદ




વારસીએ ભજવ્યું હતું. બીજી ફિલ્મમાં તે અક્ષય કુમારને ફાળે ગયું હતું.ત્રીજી ફિલ્મમાં જોલી અર્શદ વારસી અને જગદીશ્વર મિશ્રા એટલે કે અક્ષય કુમાર વચ્ચે કોર્ટમાં સામસામે તડાફડી જોવા મળી હતી.

હવે ફરી એકવાર અર્શદ વારસી જોલી તરીકે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

ગુજરાતી રંગભૂમિનો બહોળો અનુભવ ધરાવતાં ઉમેશ શુકલની ઓએમજી: ઓહ માય ગોડ અને ૧૦૨ નોટ આઉટ હિન્દીમાં સફળ રહી છે. આ તેમની ત્રીજી હિન્દી ફિલ્મ બની રહેશે.

## કંગના અને માધવન વગર તનુ વેડ્સ મનુનો નવો ભાગ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા) બોલિવૂડની લોકપ્રિય રોમેન્ટિક કોમેડી ફિલ્મ ફ્રેન્ચાઇઝી 'તનુ વેડ્સ મનુ'ના નવા ભાગને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. આ વખતે ફિલ્મમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. અભિનેત્રી કંગના રનૌત અને આર. માધવનની જોડીથી લોકપ્રિય બનેલી આ ફ્રેન્ચાઇઝીની આગામી ફિલ્મમાં નવા કલાકારો જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન મિતાક્ષરા કુમાર કરશે. અહેવાલો અનુસાર નવી ફિલ્મમાં અગાઉના બંને ભાગનાં મુખ્ય પાત્રોની વાર્તાને આગળ વધારવાને બદલે નવા પાત્રો અને નવી વાર્તા રજૂ કરવામાં આવશે.મીડિયા અહેવાલો અનુસાર, નિર્માતાઓ ફિલ્મની મૂળ ઓળખ ગણાતી કોમેડી, બેફિકર અંદાજ અને સંબંધોમાં જોવા મળતી ગૂંચવણોને જાળવી રાખવા માગે છે. જોકે, આ વખતે વાર્તાના કેન્દ્રમાં નવા પાત્રો હશે. ટીમ છેલ્લા એક વર્ષથી ફિલ્મની વાર્તા પર કામ કરી રહી છે. નવી પેઢીના દર્શકોને ધ્યાનમાં રાખીને ફિલ્મને નવા અંદાજમાં રજૂ કરવાની તૈયારી ચાલી રહી છે. દિગ્દર્શક મિતાક્ષરા કુમારનું લક્ષ્ય જૂની ફ્રેન્ચાઇઝીની લોકપ્રિયતાને જાળવી રાખીને તેમાં નવીનતા લાવવાનું છે.આગામી ફિલ્મમાં કંગના રનૌત અને આર. માધવનની વાપસી નહીં થાય તેવી માહિતી મળી છે. બંનેની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રી અને તેમની વચ્ચેના પ્રેમસંબંધોમાં આવતી ગેરસમજો, અલગ સ્વભાવ તથા પારિવારિક ગૂંચવણોએ દર્શકોને ખૂબ મનોરંજન પૂરું પાડ્યું હતું. જોકે, નવી ફિલ્મ માટે કલાકારોનાં નામની સત્તાવાર જાહેરાત હજુ કરવામાં આવી નથી. મિતાક્ષરા કુમાર માટે પણ આ પ્રોજેક્ટ મહત્વનો માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, 'તનુ વેડ્સ મનુ'નો પ્રથમ ભાગ વર્ષ ૨૦૧૧માં રિલીઝ થયો હતો, જેનું દિગ્દર્શન આનંદ એલ. રાયે કર્યું હતું. ફિલ્મમાં પ્રેમ, રમૂજ અને પારિવારિક સંબંધોની ગૂંચવણોને હળવા-ફૂલકા અંદાજમાં રજૂ કરવામાં આવી હતી. કંગના અને માધવન ઉપરાંત જિમી શેરગિલ, એજાઝ ખાન, સ્વરા ભાસ્કર અને દીપક ડોબરિયાલ સહિતના કલાકારો પણ ફિલ્મમાં જોવા મળ્યા હતા. હિમાંશુ શર્માએ ફિલ્મની વાર્તા લખી હતી.વર્ષ ૨૦૧૫માં 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' રિલીઝ થઈ હતી. બંને ફિલ્મોને બોક્સ ઓફિસ પર સફળતા મળી હતી અને આ ફ્રેન્ચાઇઝીએ રોમેન્ટિક કોમેડીના ચાહકોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. હવે નવી સ્ટારકાસ્ટ અને નવી વાર્તા સાથે નિર્માતાઓ આ લોકપ્રિય ફ્રેન્ચાઇઝીને આગળ વધારવા માગે છે. જૂનાં પાત્રોની ગેરહાજરીમાં નવી જોડી અને નવા કલાકારો દર્શકોને કેટલા પસંદ પડશે તે જોવું રસપ્રદ રહેશે. જોકે, ફિલ્મની અંતિમ સ્ટારકાસ્ટ, વાર્તાની વિગતો અને રિલીઝની તારીખ અંગે હજુ સુધી સત્તાવાર જાહેરાત થઈ નથી.

## રજનીકાંતની 'જેલર ૨' એ વૈશ્વિક સ્તરે ૫૦૦ કરોડનો આંકડો વટાવ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા) સાઉથના સુપરસ્ટાર રજનીકાંતની મોસ્ટ અવેટેડ એક્શન-ડ્રામા ફિલ્મ 'જેલર ૨' બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કરી રહી છે. એડવાન્સ બુકિંગથી શરૂ થયેલો પ્રેક્ષકોનો ઉત્સાહ હવે થિયેટરોમાં પ્રચંડ કમાણીના આંકડાઓમાં ફેરવાઈ રહ્યો છે. ફિલ્મ રિલીઝ થતાંની સાથે જ સિનેમાઘરોમાં દર્શકોની ભારે ભીડ જોવા મળી રહી છે. માત્ર ૬ દિવસના ટૂંકા ગાળામાં 'જેલર ૨' એ વૈશ્વિક સ્તરે ૫૦૦ કરોડથી વધુની જંગી કમાણી કરીને બોક્સ ઓફિસ પર નવો ઈતિહાસ રચી દીધો છે.આ શાનદાર કમાણી સાથે 'જેલર ૨' વર્ષ ૨૦૨૬ની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ છે. હાલમાં આ કમાણીની રેસમાં તે માત્ર 'ધુરંધર ૨' અને 'દ્રશ્યમ ૩'થી જ પાછળ છે. રજનીકાંતની ૨૦૨૫માં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'કુલી' એ વૈશ્વિક સ્તરે ૫૧૮ કરોડનો બિઝનેસ કર્યો હતો, પરંતુ 'જેલર ૨' એ માત્ર ૮ જ દિવસમાં ૫૮૨.૪૫ કરોડની વૈશ્વિક કમાણી કરીને અગાઉના અનેક રેકોર્ડ્સ ધ્વસ્ત કરી દીધા છે.આ ફિલ્મે પ્રથમ દિવસે ૫૯.૭૦ કરોડની ધમાકેદાર ઓપનિંગ સાથે બોક્સ ઓફિસ પર એન્ટ્રી કરી હતી. તેમજ બીજા દિવસે ફિલ્મે ૩૭.૧૦ કરોડનું કલેક્શન કર્યું હતું. .ફિલ્મની આ સતત વધતી કમાણી જોતાં હવે સિનેપ્રેમીઓ અને ટ્રેડ એનાલિસ્ટ્સની નજર બીજા વીકએન્ડના કલેક્શન પર છે. એ જોવું રસપ્રદ રહેશે કે 'જેલર ૨' તેના અગાઉના પ્રીક્વલ ભાગના લાઈફટાઈમ કલેક્શનને ક્યારે માત આપે છે.

## ટાઈગર શ્રોફ પર હુમલા બાદ બોલિવૂડમાં ભયનો માહોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા ગોળીબારની ઘટના બાદ બોલિવૂડ જગતમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. કલાકારોએ પોતાની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ઘરોની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દીધી છે અને ઘરની બારીઓના કાચ પણ બુલેટપ્રુફ બનાવવાની કવાયત હાથ ધરી છે. સુરક્ષાના કારણોસર ફિલ્મ સ્ટાર્સે હવે બુલેટપ્રુફ કાર ખરીદવા ઉપરાંત પાપારાઝીઓથી પણ ચોક્કસ અંતર જાળવવાનું શરૂ કરી દીધું છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી મળી રહેલી સતત ધમકીઓને કારણે કલાકારો ભારે ચિંતિત બન્યા છે. અક્ષય કુમાર પાસે 'એક્સ' કેટેગરીની જ્યારે સલમાન ખાન પાસે 'વાય' કેટેગરીની સુરક્ષા વ્યવસ્થા પહેલેથી જ કાર્યરત છે. સલમાન ખાન સાથે અગાઉ ફિલ્મોમાં કામ કરી ચૂકેલી બે અભિનેત્રીઓ પણ પ્રવર્તમાન સુરક્ષા સ્થિતિને લઈને ચિંતામાં હોવાનું સામે આવ્યું છે. સલમાન ખાનની ફિલ્મ 'ટાઈગર'માં કામ કરી ચૂકેલા એક અભિનેતાને તેમના પરિવારજનો દ્વારા ઘરની બહાર ન નીકળવાની કડક સલાહ આપવામાં આવી રહી છે. સુરક્ષા સંકટને ધ્યાનમાં રાખીને અનેક મોટા જાહેર કાર્યક્રમો પણ હાલ પૂરતા મુલતવી રાખવામાં આવી રહ્યા છે.

## યામીની નઈ નવેલી અને રાજકુમાર રાવની પ્રહાર બંને ફિલ્મ ફલોપ




(સંપૂર્ણ સમાચાર સેવા) ગયા શુક્રવારે રજૂ થયેલી યામી ગૌતમની હોરર કોમેડી 'નઈ નવેલી' અને રાજકુમાર રાવની 'પ્રહારઃ ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી' બંને બોક્સ ઓફિસ પર ટકરાઈ હતી અને બંને ફિલ્મો ફલોપ ગઈ છે. આશરે ૩૦ કરોડનાં બજેટમાં બનેલી બંને ફિલ્મોમાંથી 'નઈ નવેલી' ચાર દિવસમાં માંડ ૧૫ કરોડ કમાઈ છે જ્યારે ' પ્રહાર'ની કમાણી ફક્ત ૧૨ કરોડ થઈ છે. આમ, બોક્સ ઓફિસ પર કમાણી કરવાના મામલે 'નઈ નવેલી'એ 'પ્રહાર' પર સારી એવી સરસાઈ મેળવી છે.સોમવારે આ બંને ફિલ્મોની બોક્સ ઓફિસ ઓક્યુપેન્સી માંડ ૧૨થી ૧૫ ટકા રહી હતી. ટ્રેડ વર્તુળોમાં મન્ડે ટેસ્ટ બહુ મહત્વનો ગણાય છે. વીક એન્ડમાં સારી કમાણી મેળવનારી ફિલ્મ સોમવારે પણ બોક્સ ઓફિસ પર ટકી જાય તો તે આગળ સારી ચાલશે તેમ મનાય છે. જોકે, આ બંને ફિલ્મો મન્ડે ટેસ્ટમાં નાપાસ થઈ ગઈ છે. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર રજનીકાન્તની 'જેલર ટુ'નું હિન્દીમાં યોગ્ય રીતે માર્કેટિંગ કરાયું ન હતું. આ ફિલ્મ ધીમે ધીમે હિન્દી દર્શકોમાં લોકપ્રિય બની રહી છે. જો આ ફિલ્મને હિન્દી માર્કેટમાં આક્રમક રીતે રજૂ કરવામાં આવી હોત તો 'નઈ નવેલી' અને ' પ્રહાર' બંનેની હાલત વધુ કફોડી થવાનું નક્કી હતું.

**ફિલ્મોની બોક્સ ઓફિસ ઓક્યુપેન્સી માંડ ૧૨થી ૧૫ ટકા રહી હતી. ટ્રેડ વર્તુળોમાં મન્ડે ટેસ્ટ બહુ મહત્વનો ગણાય છે**

## 'બિગ બોસ'ના ઘરમાં માહી વિજની લવ લાઈફને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું




(સંપૂર્ણ સમાચાર સેવા) લોકપ્રિય રિયાલિટી શો 'બિગ બોસ'ના વર્તમાન એપિસોડ્સમાં કન્ટેસ્ટન્ટ્સ વચ્ચેની હસી-મજાક અને ખાનગી જીવન સાથે જોડાયેલી વાતો ભારે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. તાજેતરના ઘટનાક્રમમાં, શોની સ્પર્ધક માહી વિજની લવ લાઈફને લઈને એક રસપ્રદ ચર્ચા સામે આવી છે, જેના કારણે સોશિયલ મીડિયા અને દર્શકો વચ્ચે તે નવા પ્રેમની તલાશમાં હોવાની અટકળો તેજ થઈ ગઈ છે. અગાઉ માહીએ પોતાના પૂર્વ પતિ વિશે ખુલાસો કરતા જણાવ્યું હતું કે તેઓ નશાની હાલતમાં ફોન કરીને એવું કહે છે કે તેમના જેવી બીજી કોઈ વ્યક્તિ મળી શકે તેમ નથી. હવે શોની અંદર તેના તાજેતરના સંવાદોએ નવો જ રંગ જમાવ્યો છે. 'બિગ બોસ ૨૦'ના એક તાજેતરના પ્રસારણમાં માહી વિજ, કાઝી તૌકીર અને ઉદિતિ સિંહ એકસાથે બેસીને અનૌપચારિક વાતચીત કરી રહ્યા હતા. આ ચર્ચા દરમિયાન કાઝીએ અચાનક માહીને પ્રશ્ન કર્યો હતો કે શું કોઈ વ્યક્તિ તેને પ્રપોઝ કરી શકે છે અર્થાત્ શું કોઈ તેની સમક્ષ પ્રેમનો પ્રસ્તાવ મૂકવાની અપેક્ષા રાખી શકે છે? આ સવાલના ઉત્તરમાં માહીએ ત્વરિત પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે દરેક વ્યક્તિ તેનો સરળતાથી સંપર્ક સાધી શકતી નથી અને તે સૌ કોઈ માટે ઉપલબ્ધ નથી. આ જવાબ સાંભળીને કાઝીએ મજાકના સૂરમાં તેને આ વિષય પર વધુ ખુલાસો કરવા માટે આગ્રહ કર્યો હતો, જેથી માહી થોડી ક્ષણો માટે વિચારમાં મુકાઈ ગઈ હતી. આ વાર્તાલાપ આગળ વધતા કાઝીએ હસતાં-હસતાં એવું અનુમાન લગાવ્યું હતું કે કદાચ માહીએ પોતાના માટે કોઈ યોગ્ય પાત્ર પસંદ કરી લીધું છે જે તેને આગામી સમયમાં પ્રપોઝ કરી શકે. જોકે, માહીએ આ સવાલ પર મૌન જાળવતા ન તો કોઈ સમર્થન આપ્યું અને ન તો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. આ જ પળનો લાભ લઈને અન્ય સ્પર્ધક ઉદિતિ સિંહે પણ રમૂજી અંદાજમાં ટિપ્પણી કરી હતી કે એવું પણ બની શકે કે માહીની કોઈ ખાસ વ્યક્તિ હાલ આ સમગ્ર શોને ટીવી પર નિહાળી રહી હોય. આ પ્રકારના સંકેતો બાદ આખી વાતચીત અત્યંત કુતૂહલસભર બની ગઈ હતી. જોકે, માહીએ પોતાની અંગત જિંદગીના આ પહેલુ વિશે વધુ કોઈ ફોડ પાડવાનું ટાળ્યું હતું, પરંતુ તેના આ રહસ્યમય વ્યવહારે દર્શકો અને ચાહકોમાં નવી ચર્ચાઓને નિમંત્રણ આપ્યું છે.

## પ્રભાસે પાકિસ્તાની અભિનેત્રીને સરપ્રાઈઝ ગિફ્ટ આપ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

'બાહુબલી' જેવી ભવ્ય ફિલ્મ દ્વારા અભિનેતા પ્રભાસે સમગ્ર ભારતમાં પોતાની આગવી ઓળખ બનાવી હતી. આ ફિલ્મના બંને ભાગોએ બોક્સ ઓફિસ પર અભૂતપૂર્વ સફળતા મેળવીને અનેક રેકોર્ડ તોડ્યા હતા. જોકે, આટલી મોટી સફળતા બાદ પ્રભાસ પોતાની લોકપ્રિયતા જાળવી રાખવામાં કેટલા સફળ રહ્યા છે, તે સવાલ પણ ચર્ચામાં રહ્યો છે. તેમની તાજેતરની ફિલ્મોના પ્રદર્શનને કારણે ચાહકો અને ફિલ્મજગતની નજર હવે તેમની આગામી ફિલ્મો પર છે.વર્ષ ૨૦૧૭માં રિલીઝ થયેલી 'બાહુબલી ૨'એ ભારતીય સિનેમામાં ઈતિહાસ રચ્યો હતો. જોકે, આ ફિલ્મ બાદ પ્રભાસને એવી જબરદસ્ત સફળતા ફરીથી મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યાર બાદ આવેલી 'સાહો'ને સરેરાશ સફળતા મળી હતી, જ્યારે દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તેવી 'રાધેશ્યામ' અને 'આદિપુરુષ' બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી હતી.સતત નિષ્ફળતાઓ બાદ પ્રભાસે 'સલાર' અને 'કલ્કિ ૨૮૯૮ એડી' જેવી ભવ્ય ફિલ્મો દ્વારા બોક્સ ઓફિસ પર જોરદાર વાપસી કરી હતી. "મારું દિલ પણ ભરાઈ ગયું છે અને પેટ પણ." અભિનેત્રીની આ હૃદયસ્પર્શી પોસ્ટ અને ખાસ ભોજનની તસવીરોને સોશિયલ મીડિયા પર લોકો પસંદ કરી રહ્યા છે. પ્રભાસની આ ખાસ ભેટની પ્રશંસા કરતી પોસ્ટ હાલ ઝડપથી વાયરલ થઈ રહી છે.

### અચાનક ક્યાં ગાયબ થઈ ગયા ઈજાના નિશાન?

## માત્ર બે દિવસમાં સાજો થઈ ગયો ટાઈગર શ્રોફ?

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈના જુહુમાં ટાઈગર શ્રોફ પર થયેલી ફાયરિંગની ઘટના બાદ હવે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા શરૂ થઈ છે. હુમલાના માત્ર બે દિવસ બાદ ટાઈગરની કેટલીક નવી તસવીરો સામે આવી છે, જેમાં તે બનિયાન પહેરેલો જોવા મળે છે. આ તસવીરોમાં તેના શરીર પર ઈજાના નિશાન કે પાટા દેખાતા નથી. આ તસવીરો સામે આવતાં જ સોશિયલ મીડિયા યુઝર્સે સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું કે આખરે આટલી ઝડપથી ઈજાના નિશાન કેવી રીતે ગાયબ થઈ ગયા? શું ટાઈગર પર ખરેખર હુમલો થયો હતો કે પછી આ કોઈ પબ્લિસિટી સ્ટંટ હતો?બે દિવસમાં એવું તો શું થયું કે ઈજાના નિશાન જ ન દેખાયા? -વાસ્તવમાં, ટાઈગર શ્રોફની એક નવી તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. મંગળવારે તેમણે મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને ભાજપના નેતા આશિષ શેલાર સાથે મુલાકાત કરી હતી. આ તસવીરોમાં અભિનેતા શર્ટ વિના, માત્ર બનિયાન પહેરીને બેઠેલો જોવા મળે છે. તેના છાતી અને શરીર પર ઈજાના નિશાન સ્પષ્ટ દેખાતા નથી. જ્યારે હુમલાના દિવસે ટાઈગરની છાતી અને હાથ



પર પાટા બાંધેલા જોવા મળ્યા હતા. તેના એક હાથ પર દારૂગોળાના કારણે દાઝી જવાની ઈજા થઈ હોવાનો દાવો પણ કરાયો હતો.જોકે, હવે હુમલાના બે દિવસ બાદ સામે આવેલી તસવીરોને લઈને લોકોમાં ચર્ચા થઈ રહી છે કે આખરે આટલા ઓછા સમયમાં તે સાજો કેવી રીતે થઈ ગયો. આ તફાવતને જોઈને કેટલાક યુઝર્સે સમગ્ર ઘટના પર જ સવાલો ઉઠાવ્યા છે. કેટલાક લોકો તો તેને પબ્લિસિટી સ્ટંટ ગણાવી રહ્યા છે. જોકે, અહીં એ સમજવું જરૂરી છે કે તસવીરોમાં ઈજાના નિશાન ન દેખાવાનો અર્થ એ નથી કે ઈજા થઈ જ નહોતી. તસવીર ક્યારે લેવામાં આવી હતી, ઈજા કેટલી ગંભીર હતી અને તેની સારવાર કેવી રીતે કરવામાં આવી હતી, આ બાબતોની પુષ્ટિ કર્યા વિના કોઈ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નથી. ઈજા સામાન્ય હતી તો નિશાન દેખાવાં જરૂરી છે? - આ સમગ્ર વિવાદનું બીજું પાસું પણ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટાઈગરને માત્ર સામાન્ય નાની ઈજાઓ થઈ હતી. જો ઈજા સામાન્ય હતી, તો બે દિવસ બાદ તસવીરોમાં તેના નિશાન સ્પષ્ટ રીતે ન દેખાવા એ અસામાન્ય બાબત નથી. આ ઉપરાંત, તસવીરની લાઈટિંગ, એંગલ અને ગુણવત્તા પણ ઈજાના નિશાન દેખાય છે કે નહીં તેના પર અસર કરી શકે છે. તેથી, માત્ર વાયરલ તસવીરોના આધારે હુમલો નકલી હતો એવો દાવો કરવો યોગ્ય નથી. ઘટનાની હકીકત જાણવા માટે વિશ્વસનીય માહિતી અને સત્તાવાર વિગતોને ધ્યાનમાં લેવી જરૂરી છે.

## 'રામાયણ'ના VFX પર સવાલો ઉઠતાં જ યશ રોષે ભરાયો



(સંપૂર્ણ સમાચાર સેવા) હૈદરાબાદ ખાતે યોજાયેલા 'રામાયણ: પાર્ટ વન'ના પ્રી-રિલીઝ ઈવેન્ટ દરમિયાન સાઉથના સુપરસ્ટાર અને ફિલ્મના કો-પ્રોડ્યુસર યશે ચાહકો અને દર્શકોને આ ભવ્ય ફિલ્મને ખુલ્લા મનથી સ્વીકારવાની અપીલ કરી છે. તેમણે ખાસ અનુરોધ કર્યો કે લોકો VFXમાં નાની-મોટી ભૂલો કે ખામીઓ શોધવાનો પ્રયાસ ન કરે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ બિગ-બજેટ ફિલ્મ 5 નવેમ્બર 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.યશે જણાવ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ ભારતીય સિનેમાને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આટલી મોટી ફિલ્મ બનાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે પોતાની પ્રતિષ્ઠા અને કરોડો રૂપિયા દાવ પર લગાવે છે. તેમણે દર્શકોને ભાવુક અપીલ કરતાં કહ્યું કે,કલ્ચરલ ઈવેન્ટ્સ"કૃપા કરીને VFXમાં આ ખામી છે કે તે ખામી છે, તેવું શોધીને નકારાત્મકતા ન ફેલાવો. જો આપણે આવા વિઝનરી લોકોને ગુમાવી દઈશું,

તો ફરી આવો પ્રયાસ નહીં થાય અને આપણું સિનેમા વર્ષો પાછળ ધકેલાઈ જશે."તેમણે ઉમેર્યું કે કો-પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ હંમેશાં દરેક ફીડબેક અને આલોચનાને સ્વીકારીને કામ વધુ બહેતર બનાવવાની કોશિશ કરી છે. આ સાથે યશે તેલુગુ, કન્નડ, મલયાલમ, તમિલ અને હિન્દી—તમામ ઈન્ડસ્ટ્રીઝને ભેગા મળીને સમગ્ર વિશ્વ સમક્ષ ભારતીય સિનેમાની એકતા દર્શાવવા આહ્વાન કર્યું હતું.યશે ખુલાસો કર્યો કે તેઓ આ પ્રોજેક્ટ સાથે એટલા માટે જોડાયા કારણ કે નમિત મલ્હોત્રામાં ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનો અદભુત જુસ્સો અને સમર્પણ છે.

## 'બોલિવૂડમાં અન્ય મૂવી બનાવવી ખૂબ જ મુશ્કેલ' : અનુરાગ કશ્યપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૨૨

અનુરાગ કશ્યપે બોલિવૂડથી થોડી દૂરી બનાવી લીધી છે. હવે તે મુંબઈ છોડીને બેંગલુરુમાં રહેવા લાગ્યા છે પરંતુ ફિલ્મમેકર સમય-સમય પર ઈન્ડસ્ટ્રીને લઈને પોતાના અભિપ્રાય રાખતા રહે છે. અનુરાગ કશ્યપે કૌશલ ઓઝાની ફિલ્મ 'લિટિલ થોમસ'ને પ્રોડ્યુસ કરી છે. પોતાની આ ફિલ્મની રિલીઝ પહેલાં ડિરેક્ટરનું કહેવું છે કે આજકાલ બોલિવૂડમાં ફક્ત બે જ પ્રકારની ફિલ્મો બની રહી છે અને અન્ય કોઈ પણ પ્રકારના પ્રોજેક્ટ પર કામ કરવું ખૂબ મુશ્કેલ થઈ ગયું છે.અનુરાગ કશ્યપની બાળકોની ફિલ્મ 'લિટિલ થોમસ' આ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલાં ડિરેક્ટરે કરતા કહ્યું કે બોલિવૂડ સંકટમાં છે. ઈન્ડસ્ટ્રીની હાલતને તેમણે દુર્ઘટના (ત્રાસદી) ગણાવતા કહ્યું કે હવે ફક્ત ભક્તિ અને દેશભક્તિની ફિલ્મોને જ પ્રોત્સાહન મળે છે. તેના મતે અન્ય કોઈ પણ પ્રકારની ફિલ્મ બનાવવી કોઈ પડકારથી ઓછી નથી અને આ જ કારણ છે કે ઈન્ડસ્ટ્રીમાં બાળકોની ફિલ્મો બનવાનું જ બંધ થઈ ગયું છે.અનુરાગ કશ્યપ કહે છે, 'મને નથી લાગતું કે ઈન્ડસ્ટ્રીમાં કોઈને પણ ખબર છે કે આજના સમયમાં તેને શું બનાવવું જોઈએ. બાળકોની ફિલ્મોની વાત હોય કે પછી વડીલોની ફિલ્મોની, આજના સમયમાં પોતાની અલગ ફિલ્મ બનાવવી ખૂબ મુશ્કેલ છે. હું હમણાં એક પ્રોડ્યુસર સાથે વાત કરી રહ્યો હતો અને તેમણે કહ્યું કે તેને ખબર નથી કે શું કરવું જોઈએ'.ડિરેક્ટર આગળ કહે છે, 'હવે ફક્ત ભક્તિ અને દેશભક્તિ પર ફિલ્મો બની રહી છે. આ હકીકત છે અને આ કોઈ દુર્ઘટના (ત્રાસદી)થી ઓછી નથી'. અનુરાગ કશ્યપનું માનવું છે કે ભક્તિ અને દેશભક્તિથી ભરેલી ફિલ્મો વચ્ચે તેમની બાળકોની ફિલ્મ 'લિટિલ થોમસ' એક રાહત તરીકે સામે આવશે.અન્ય યુવતીઓ સાથે વાંધાજનક ચેટ, દહેજ માટે ત્રાસ, બે બાળકો.., ત્રીજા લગ્નમાં પણ દ્વૈ મહિલાને મળ્યો દગો!અનુરાગ કશ્યપે પ્રોડ્યુસર ફિલ્મો બનાવવાનું છોડી દીધું છે. હવે તે ફક્ત ઓછા બજેટની તે નાની ફિલ્મોને સપોર્ટ કરે છે જેમાં તેને વિશ્વાસ છે. ડિરેક્ટર લાંબા સમયથી મુખ્ય પ્રવાહની (મેઈનસ્ટ્રીમ) ફિલ્મોથી દૂર છે. તેણે બોલિવૂડને ઝેરી (ટોક્સિક) ગણાવતા ઈન્ડસ્ટ્રીથી અંતર બનાવી લીધું છે.

VAPI PAGE - 5

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 27, October 2026

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## વલસાડમાં રવિવારી હાટ બજારથી ટ્રાફિકની સમસ્યા વકરી



**મુખ્ય માર્ગો પર ભરાતા રવિવારી હાટ બજારથી સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓ માટે 'માથાનો દુખાવો' બની રહ્યાં છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વલસાડ શહેરમાં આવેલી મોટાભાગની દુકાનો ખુલ્લી જોવા મળી હતી. તો બીજી તરફ વલસાડ શહેરમાં દર રવિવારે ભરાતી પરંપરાગત 'રવિવારી હાટ બજાર' હવે સ્થાનિક રહીશો, રાહદારીઓ અને વાહનચાલકો માટે મોટી આફત સમાન બની ગઈ છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે ખરીદીનું મોટું કેન્દ્ર ગણાતી આ બજાર શહેરના મુખ્ય રસ્તાઓ પર ભરાતી હોવાના કારણે દર રવિવારે ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે.

રવિવારી બજારના કારણે મુખ્ય માર્ગો એટલા સાંકડા થઈ જાય છે કે વાહનચાલકોને પસાર થવા માટે જગ્યા જ મળતી નથી. એટલું જ નહીં, રસ્તા પરના કાયમી દુકાનદારો પણ રવિવારે પોતાની દુકાનની બહાર કપડાં, કટલરી અને અન્ય ચીજવસ્તુઓ ગોઠવી દેતા હોવાથી સમસ્યા વધુ ગંભીર બને છે. રસ્તાની બંને બાજુએ થતા આ આડેધડ દબાણોને કારણે રાહદારીઓને ચાલવું પણ મુશ્કેલ બની ગયું છે. દર રવિવારે વલસાડના મુખ્ય રસ્તાઓ પરથી પસાર થવું એટલે ટ્રાફિક જામમાં કલાકો સુધી ફસાવું. આ બજાર ગરીબો માટે ઉપયોગી છે, પણ તેના લીધે આખો શહેરનો ટ્રાફિક બંધક બની જાય તે વ્યાજબી નથી.

લાંબા સમયથી ચાલી આવતી આ ટ્રાફિકની સમસ્યાથી કંટાળીને હવે વલસાડના વાહનચાલકો અને રાહદારીઓએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી છે. સ્થાનિક લોકોની માગ છે કે વલસાડ નગરપાલિકા અને ટ્રાફિક પોલીસ સંયુક્ત રીતે આ મામલે કડક કાર્યવાહી કરે, રવિવારી હાટ બજારમાં ધંધો કરતા વેપારીઓને રોડથી દૂર કોઈ ચોક્કસ જગ્યાએ બેસાડવામાં આવે, મુખ્ય માર્ગોને સંપૂર્ણપણે દબાણમુક્ત કરી રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી વાહનવ્યવહાર સુવ્યવસ્થિત ચાલી શકે, ?હવે જોવાનું એ રહ્યું કે જનતાની આ હાલાકીને ધ્યાનમાં લઈને વલસાડ નગરપાલિકા અને પોલીસ પ્રશાસન ક્યારે જાગે છે અને આ ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે.

## તિથલ બીચ પર 'ભારત માતા કી જય'નો જયઘોષ ગુંજ્યો

**રાષ્ટ્ર સેવિકા સમિતિની ૯૦ વર્ષની યાત્રાના અવસરે વલસાડ અને નવસારી જિલ્લાની ૨૨૦થી વધુ સેવિકાઓનો શાખા સંગમ યોજાયો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** રાષ્ટ્ર સેવિકા સમિતિની ૯૦ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રાના ઉપલક્ષ્યમાં નવસારી વિભાગના વલસાડ અને નવસારી જિલ્લાના શાખા સંગમનું ભવ્ય આયોજન તિથલ બીચ ખાતે કરવામાં આવ્યું હતું. દરિયાકિનારે લહેરાતા ભગવાધ્વજ અને 'ભારત માતા કી જય'ના જયઘોષ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં બંને જિલ્લાની ૨૨૦થી વધુ સેવિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં રાષ્ટ્ર સેવિકા સમિતિનાં માનનીય પ્રાંત સંચાલિકા સુવર્ણાબેન પીંપુટકરે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, સમિતિની ૯૦ વર્ષની આ યાત્રા આપણા સૌ માટે ગૌરવની વાત છે. દરેક સેવિકાએ પોતાની અનુકૂળતા અને સમાજની આવશ્યકતા અનુસાર સેવા, સમર્પણ અને રાષ્ટ્રભાવનાની સાથે રાષ્ટ્રકાર્યમાં યોગદાન આપવું જોઈએ. પ્રકૃતિના સાનિધ્યમાં દરિયાકિનારે આયોજિત આ શાખા સંગમથી સેવિકાઓમાં નવી ઊર્જા, સંગઠનભાવ અને રાષ્ટ્રસેવા માટેનો ઉત્સાહ સંચારિત થયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સેવિકાઓ વચ્ચે પરસ્પર સંવાદ, સંગઠન અને રાષ્ટ્રકાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરવાનો રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્ર સેવિકા સમિતિની સ્થાપના વર્ષ ૧૯૩૬માં વિજયાદશમીના પાવન દિવસે વંદનીય લક્ષ્મીબાઈ કેળકર, જેમને સૌ 'મૌસીજી' તરીકે ઓળખે છે, તેમના દ્વારા કરવામાં આવી હતી. મહિલા શક્તિનું જાગરણ, વ્યક્તિત્વ નિર્માણ, સેવા, સંસ્કાર અને નેતૃત્વના આદર્શોને કેન્દ્રમાં રાખીને સમિતિ છેલ્લા નવ દાયકાથી કાર્યરત છે.

સમિતિની ૯૦ વર્ષની યાત્રાની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાત પ્રાંતના વિવિધ વિભાગોમાં એક જ દિવસે શાખા સંગમના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તિથલ બીચ ખાતે યોજાયેલ આ સંગમ વલસાડ અને નવસારી જિલ્લાની સેવિકાઓ માટે સંગઠનશક્તિ અને રાષ્ટ્રસમર્પણની ભાવનાને વધુ દૃઢ બનાવતો પ્રસંગ બન્યો હતો.

## વલસાડમાં કોળી સમાજ દ્વારા ૨ દિવસીય ગરબા મહોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિ મંડળ તથા શ્રી ચંદ્રમૌલીશ્વર મહાદેવજી સંસ્થાપન ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય નવરાત્રી ગરબા મહોત્સવ ૨૦૨૬ નું આયોજન વલસાડની સીબી હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં તારીખ ૨૧અને ૨૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં શેરી ગરબા ઘોરીયા અને ઝેરૈયાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગરબામાં પ્રથમ ઈનામ ચીચવાડા ગામ બીજું ઈનામ બીનવાડા જય માતા મંદિર મંડળને અને ત્રીજું ઈનામ ચીચવાડા સાસ બહુ મંડળને મળ્યું હતું. ઝેરૈયા સ્પર્ધામાં પહેલું ઈનામ પારનેરા પારડીની બહેનો અને બીજુ ઈનામ સેગવી ગામની ખેલાડીઓને પ્રાપ્ત થયું છે સ્પર્ધામાં માત્ર કોળી પટેલ જ લઈ શકે છે. વર્ષોની પરંપરા જાળવી રાખનાર પારનેરા ગામના લીમડા ચોક ના ખેલૈયા ઘરૈયા કરી ટ્રોફી તેમજ રોકડ ૪,૦૦૦ નો પુરસ્કાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં વલસાડ કલેકટર હાજર રહી વિજેતા ખેલૈયાઓને ઈનામ વિતરણ વિતરણ કર્યા હતા અને તેમણે આરતીમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સૌથી વધુ આકર્ષક કેન્દ્ર બાળ કલાકાર પારનેરા પારડી ના ભૂલકાઓ દ્વારા પોતે ગાઈ ગરબો કરી પ્રેક્ષકના દિલ જીતી લીધા હતા. ધારાસભ્યના નેજા હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા મંડળના ઉપપ્રમુખ શશીભાઈ પટેલ રામુભાઈ પટેલ મંત્રી રોહિતભાઈ પટેલ સહમંત્રી ચંદુભાઈ ખજાનચી કારોબારી સભ્ય જીગીશાબેન પટેલ નીતાબેન પટેલ કલ્પનાબેન પટેલ, કન્વિનિયર યોગેશભાઈ તથા સહ કન્વીન્યર દીપકભાઈ અને કારોબારી સભ્ય પંકજભાઈ ધર્મેશભાઈ મનહરભાઈ તથા નાનુભાઈ પટેલે ભારે જાહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વલસાડની બીએપીએસ સ્કુલ રાજયકક્ષાની રંગોળી સ્પર્ધામાં પ્રથમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** અમદાવાદ માં યોજાયેલી રાજ્ય કક્ષાની રંગોળી સ્પર્ધામાં વલસાડની બી.એ.પી. એસ.સ્વામી નારાયણ વિધા મંદિર અબ્રામાની વિધાર્થિની પ્રથમ આવતા રાજ્ય કક્ષાએ વલસાડ નું નામ રોશન થયું છે. વડાપ્રધાન નરેન્દ્રમોદીના જન-સેવા, સુશાસન અને સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષ નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓ માટે અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આયોજિત રાજ્ય કક્ષાની રંગોળી સ્પર્ધામાં વલસાડના અબ્રામાં ધરા નગરમાં આવેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર ગર્લ્સ ઈંગ્લીશ મિડિયમમાં ધોરણ ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નિતિકા મુનેન્દ્રભાઈ પટેલે રંગોળી સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી શાળા, સંસ્થા અને વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું હતું. શિક્ષણમંત્રી રિવાબાબ જાડેજાના હસ્તે એવોર્ડ એનાયત થયો હતો આ ઝળહળતી સફળતા મેળવવા બદલ વિદ્યાર્થિની નિતિકા પટેલ અને કલાશિક્ષિકા મિતાલીબેન પટેલને આચાર્ય, શાળા મેનેજમેન્ટ તેમજ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## છરવાડાના હાર્દિકની નેશનલ ડેફ ટી-૨૦ ક્રિકેટ ચેમ્પિયનશીપ માટે પસંદગી થઈ

**સાંસદે શાલ ઓઢાડી ક્રિકેટ માટે ઉપયોગી સ્પોર્ટ્સ શૂઝ ભેટ આપીને હાર્દિક પટેલનું સન્માન કર્યું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ તાલુકાના છરવાડા ગામના પ્રતિભાશાળી યુવા ક્રિકેટર હાર્દિકકુમાર મહેશભાઈ પટેલે રમત જગતમાં વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. સુરત માં યોજાનારી આગામી૧૦મી IDCA T20 નેશનલ ક્રિકેટ ચેમ્પિયનશિપ ફોર ડેફ ૨૦૨૬ માટે ગુજરાતની ટીમમાં તેમની પસંદગી કરવામાં આવી છે.

શારીરિક પડકારોને હંફાવીને રમત પ્રત્યે અડગ સમર્પણ અને મહેનત દર્શાવનાર હાર્દિક પટેલની આ સિદ્ધિની નોંધ સમગ્ર પંથકમાં લેવાઈ રહી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ વલસાડ-ડાંગ લોકસભા બેઠકના સાંસદ ધવલભાઈ પટેલે હાર્દિક પટેલ સાથે ખાસ મુલાકાત કરી હતી.

મુલાકાત દરમિયાન સાંસદે હાર્દિકનું શાલ ઓઢાડી તેમજ ક્રિકેટ માટે ઉપયોગી સ્પોર્ટ્સ શૂઝ ભેટ આપીને આત્મીય સન્માન કર્યું હતું. આ પ્રસંગે સાંસદે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલની આ ઉપલબ્ધિ તેમની અથાક મહેનત અને મજબૂત આત્મવિશ્વાસનું પરિણામ છે, જે અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ સાબિત થશે.

નેશનલ ચેમ્પિયનશિપમાં હાર્દિક ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવી સમગ્ર દેશમાં ગુજરાત અને વલસાડનું નામ ઉજ્જવળ કરે તેવી વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ તથા સ્થાનિક અગ્રણીઓ, રમતપ્રેમીઓ અને ગ્રામજનો તરફથી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## વલસાડ પંથકમાં આરએસએસ દ્વારા વિજયાદશમીનો સાર્વજનિક કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિજયાદશમીના પાવનપર્વ નિમિત્તે નગરના ૧૧ સ્થાનો પર શ્રી વિજયાદશમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ વિસ્તારોમાં સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પરંપરા મુજબ શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.

વલસાડ શહેરના અબ્રામા વસ્તી આયોજિત કાર્યક્રમમાં નવસારી વિભાગના વ્યવસ્થા પ્રમુખ શૈલેષભાઈ ભીમાણી વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદબોધનમાં વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમાજમાં એકતા, શિસ્ત, સંસ્કાર, સેવા અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. સંઘ દ્વારા આગામી સમયમાં સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન લાવવાના ઉદ્દેશ્યથી સંઘ કાર્યવિસ્તાર, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન તથા પ્રમુખ જનગોષ્ઠી જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, તેમ જણાવવામાં આવ્યું હતું. સંઘના આ સાર્વજનિક કાર્યક્રમમાં અબ્રામામાં ડૉ.વિરેન્દ્રસિંહ સોલંકી, શહીદચોકમાં મીનુભાઈ દારૂવાલા, હાલરમાં નિમેશભાઈ મહેતા અને મોગરાવાડી નયનભાઈ ભટ્ટ અતિથી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પુર્ણ ગણવેશમાં ઉપસ્થિત સ્વયંસેવકો દ્વારા નીયુધ, દંડપ્રહાર, યોગ, ગોપુરમ જેવી કૃતિનું પ્રાત્યક્ષિક કર્યું હતું.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વ્યક્તિ નિર્માણ અને સમાજ સંગઠનના માધ્યમથી રાષ્ટ્રજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. વિજયાદશમીના આ ઉત્સવે સમાજના લોકોને એકત્રિત થઈને સંસ્કાર, સંગઠન અને રાષ્ટ્રહિત માટે કાર્ય કરવાની પ્રેરણા પૂરી પાડી હતી. વિજયાદશમી ઉત્સવ દ્વારા ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રભાવનાનો સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

## વલસાડની કોલેજમાં ફાયર સેફટી તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી રેખાબેન કિશનભાઈ દેસાઈ કોલેજ ઓફ ફાર્મસી કે જે વલસાડ ની સૌ પ્રથમ ફાર્મસી કોલેજ છે તેમાં પ્રથમ વર્ષના વિધાર્થીઓ માટે ફાયર સેફટી તાલીમ યોજાઈ હતી. કોલેજના પ્રાધ્યાપકો દ્વારા વલસાડ ફાયરની ટીમને બોલાવી અલગ અલગ પ્રકારની ફાયરની પરિસ્થિતિમાં કઈ રીતે ધીરજ અને સાવધાનીથી કાર્ય કરીને સ્વબચાવ અને સમાજને કઈ રીતે ઉપયોગી બનવું તે સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક પ્રકિયા પ્રેક્ટિકલ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ABC, $CO_2$ જેવા બોટલ નો ઉપયોગ અને પાણીના ફોર્સને કે રીતે ઉપર સુધી લઈ જઈ શકાય તે સમજાવ્યું અને કર્યું હતું. આ સમગ્ર આયોજન કોલેજના પ્રાધ્યાપક દુર્ગેશ સિંહ અને કોમલ કનેરિયા દ્વારા ઈનચાર્જ આચર્યા ડો દિતિક્ષા દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

સફળ આયોજન બદલ કોલેજના ડાયરેક્ટર ડો. દીપેશ શાહ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વલસાડમાં પૂરના ૩ મહિના બાદ પણ આદિવાસી પરિવારો સહાયથી વંચિત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ શહેર અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ગત ૨૩મી જુલાઈના રોજ સર્જાયેલી પૂરની હોનારતને આજે ત્રણ મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, તંત્રની બેદરકારીના કારણે અસરગ્રસ્તો હજુ પણ કફોડી હાલતમાં જીવી રહ્યા છે. વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૨ વિસ્તારમાં રહેતા ગરીબ આદિવાસી પરિવારોને આજદિન સુધી કેશડોલ્સ કે ઘરવખરી નુકસાનીની કોઈ સહાય ન મળતાં ભારે રોષ ફેલાયો છે.

વલસાડ જિલ્લાના ઉપરવાસ અને વલસાડમાં ૨૩ જુલાઈના રોજ ભારે વરસાદના પગલે ઓરંગા નદીમાં આવેલા પૂરના કારણે નીકળવાના વિસ્તારોમાં પાણી ભરાતા હજારો લોકોને ભારે નુકસાન થયું હતું. પૂરના પાણી ઉતર્યા બાદ વિસ્તારમાં થયેલ નુકસાન અંગેની સર્વે કામગીરી નગરપાલિકા પાલિકા, મામલતદાર સહિત અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. જેમાં કેટલાક લોકોને થયેલ નુકસાની અંગે રોકડ સહાય ની રકમ ચૂકવી દેવામાં આવી હતી જ્યારે વલસાડ નગરપાલિકા વિસ્તારના પૂરમાં વોર્ડ નં. ૨ ના અનેક પરિવારોના ઘરોમાં પાણી ભરાઈ જતાં મોટું નુકસાન થયું હતું. પૂર બાદ તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં અસરગ્રસ્ત ગરીબ આદિવાસીઓએ આધાર-પુરાવા સહિતની તમામ જરૂરી વિગતો સર્વે કરનાર ટીમને જમા કરાવી હતી. તેમ છતાં આજદિન સુધી તેમના ખાતામાં સહાયની એક પણ પાઈ જમા થઈ નથી.

અસરગ્રસ્ત પરિવારો વારંવાર કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ અધિકારીઓ માત્ર ટાઈમપાસ કરી તેઓને એક ટેબલ પરથી બીજા ટેબલે દોડાવી રહ્યા હોવાના ચોંકાવનારા આક્ષેપો થયા છે.

આ સમગ્ર મામલે વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાએ વહીવટી તંત્ર અને સર્વે કરનારા કર્મચારીઓની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, પૂરના ત્રણ-ત્રણ મહિના બાદ પણ ગરીબ આદિવાસીઓને સહાય ન મળવી એ તંત્રની ઘોર નિષ્કાળજી દર્શાવે છે. કાગળો જમા કરાવ્યા છતાં પરિવારોને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે, જે જરાય ચલાવી લેવાય નહીં. પૂરના કારણે સર્જાયેલી તારાજીમાંથી હજુ બહાર ન આવી શકેલા આ પરિવારો હવે સહાય ન મળતાં ભારે ચિંતા અને આર્થિક સંકટમાં મુકાયા છે. સ્થાનિક રહીશોમાં પ્રવર્તતા ભારે આક્રોશને જોતાં, આગામી દિવસોમાં ન્યાય મેળવવા માટે આ પરિવારો નગરપાલિકા, મામલતદાર કે કલેક્ટર કચેરીએ મોરચો માંડી ઉગ્ર આંદોલન કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

## વલસાડ પાલિકાની ૩૦મી ઓક્ટોબરે ખાસ સામાન્ય સભા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ નગરપાલિકા દ્વારા આગામી તા. ૩૦/૧૦/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે નગર સેવા સદનના શ્રી અટલ બિહારી વાજપેયી સભાખંડમાં ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકા પ્રમુખ માલતીબેન મુકેશકુમાર ટંડેલની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં શહેરના વિવિધ વિકાસ કાર્યો, ડ્રેનેજ, બાંધકામ અને આરોગ્ય સંબંધિત કુલ ૩૫ મહત્વપૂર્ણ એજન્ડા પર ચર્ચા-વિચારણા કરી નિર્ણયો લેવામાં આવશે. ડ્રેનેજ અને ફાયર શાખાં ડ્રેનેજ મશીન હોઝ પાઈપ રિપેરિંગ, નંદકુંવર સોસાયટી, ભાટિનાથ કોમ્પ્લેક્ષ અને છીપવાડ/સંગીતા એપાર્ટમેન્ટ વિસ્તારમાં કનેક્ટિંગ ડ્રેનેજ પાઈપલાઈન નાંખવા તેમજ જેટીંગ મશીન વાહનની સર્વિસ અંગે મંજૂરી મેળવાશે. આ ઉપરાંત ફાયર શાખાના ફાયર એન્જિન્સમાં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા થશે. શહેરી પરિવહન અને ટ્રાફિક વ્યવસ્થા ગાંધીનગર શહેરી વિકાસ મિશન દ્વારા મંજૂર કરાયેલી ૧૪ સિટી બસો ઉપરાંત વધુ ૦૭ બસો ફાળવવા માટે દરખાસ્ત કરવા અને સ્ટ્રીટ વેન્ડર નૉન-વેન્ડિંગ ઝોન મેનેજમેન્ટની ટેન્ડર -ક્રિયા હા ધરવા બાબતે ચર્ચા થશે. ચોમાસા દરમિયાન પૂર અને ભારે વરસાદથી નુકસાન પામેલા રસ્તાઓના રિસર્ફેસિંગ/સમારકામ કામો, વિવિધ વિસ્તારોમાં પેવર બ્લોક અને સી.સી. રોડના આયોજન તેમજ મોડેલ ફાયર સ્ટેશન કામગીરીની સમયમર્યાદા વધારવા અંગે નિર્ણય લેવાશે. પૂર હોનારત બાદની કામગીરી ઓરંગા નદીના પૂર અને ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલ પશુ નિકાલ (ઈન્સિનરેટર) મશીનરી તેમજ સાધન સફાઈ કામગીરીના બિલો મંજૂર કરવા બાબતે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આરોગ્ય અને સ્વચ્છતા ઘન કચરા વ્યવસ્થાપન (SWM) ૨૦૧૬ના નિયમોનું અમલીકરણ, ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ટેન્ડર પ્રક્રિયા અને સ્વચ્છ ભારત મિશન હેઠળ ફ્રેશ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટના સંચાલન અંગે મહત્વના નિર્ણયો લેવાશે.

## વલસાડમાં પરિણીત પ્રેમિકાએ સંબંધ રાખવાની ના પાડતા પ્રેમીએ કુહાડીથી ઘા ઝીંક્યા

**વલસાડ, તા.૨૬ :** વલસાડ જિલ્લાના છરવાડા ગામમાંથી એક અત્યંત હચમચાવી નાખનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે, જેમાં લગ્નેત્તર સંબંધોના કરુણ પરિણામો કેવા ઘાતકી નીવડી શકે છે તેનું ઉદાહરણ જોવા મળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છરવાડાના દેસાઈ ફળિયામાં બનતી આ ઘટનામાં એક પરણિત પ્રેમીએ પોતાની જ પરણિત પ્રેમિકા સાથે સંબંધ તોડી નાખવાની અદાવતમાં તેના પર કુહાડી વડે આડેધડ ઘા ઝીંકીને હત્યા કરવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. આ જીવલેણ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલી પરિણીતા હાલ હોસ્પિટલના બિછાને જીવન-મરણ વચ્ચે જંગ લડી રહી છે, જ્યારે ગુનો આચરનાર આરોપી પ્રેમી પોલીસના સળિયા પાછળ પહોંચી ગયો છે.

ઘટનાની વિગતવાર માહિતી મુજબ, વલસાડના છરવાડા ગામે રહેતી સારજીબેન ઉર્ફે સુનિતા વારલી નામની પરિણીતા મૂળ ધરમપુરની વતની હતી અને દર વર્ષે રોજીરોટી મેળવવા માટે છરવાડા આવતી હતી. આ દરમિયાન સ્થાનિક રહેવાસી રાજેશ પટેલ નામના પરણિત યુવક સાથે તેના પ્રેમસંબંધ બંધાયા હતા. બંને પોતપોતાના સંસારમાં હોવા છતાં આ ગેરકાયદે સંબંધો લાંબો સમય છાના રહી શક્યા નહોતા અને આશરે એક વર્ષ અગાઉ બંનેના પરિવારજનોને આ બાબતની જાણ થઈ ગઈ હતી. પરિવારમાં ભારે વિખવાદ અને ઉગ્ર બબાલ થતાં તે સમયે આ સંબંધો અટકી ગયા હતા.

જો કે, આ વર્ષે જ્યારે પીડિતા ફરીથી રોજીરોટી અર્થે છરવાડા આવી ત્યારે પરિસ્થિતિ વધુ વણસી હતી. અગાઉના પારિવારિક વિવાદોને ધ્યાનમાં રાખીને સુનિતાએ રાજેશ સાથે આગળ ઉપર કોઈ પણ પ્રકારના સંબંધ રાખવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ અસ્વીકાર અને નારાજગીથી ઉશ્કેરાઈ ગયેલા રાજેશ પટેલે તું મારી નહીં તો કોઈની નહીં એવા ખતરનાક માનસિક ઈરાદા સાથે ઘાતક કાવતરું ઘડ્યું હતું. ઘટનાના દિવસે જ્યારે પીડિતા ઘરમાં એકલી હતી, ત્યારે રાજેશ પટેલ હાથમાં કુહાડી લઈને સીધો તેના ઘરમાં ઘૂસી ગયો હતો અને તેના પર

# અન્ય સમાચારો

Tuesday 27, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 27, October 2026

## તહેવારોમાં આર્થિક બુસ્ટર

નવરાત્રિના આરંભની સાથે જ ભારતભરમાં તહેવારોની મોસમ ખીલી ચૂકી છે. દિવાળીની ઉજવણીમાં આર્થિક રંગ પૂરવા સરકારે પણ પોતાનો સહયોગ આપવો શરૂ કર્યો છે. યુપીઆઈ પર વેરાના અમલને તહેવારો સુધી મુલત્વી રાખ્યા બાદ હવે રેલવેના ૧૧.૪૦ લાખ કર્મીને તેમના ૭૮ દિવસના પગારનું બોનસ જાહેર કરીને આ પરિવારો ઉપરાંત બોનસ સ્વરૂપે બજારમાં ઉપલબ્ધ થનારી લગભગ ૨,૦૦૯ કરોડની રકમના આર્થિક બુસ્ટરનો ફાયદો કરાવી આપ્યો છે. દિવાળી જેવા તહેવારમાં બજાર અને પરિવાર પાસે નાણાંની ઉપલબ્ધિ હોય, તો ઉજવણીની રોનક અને ઉત્સાહ અલગ હોય છે. રેલવે કર્મચારીઓના બોનસની જાહેરાત થઈ ચૂકી છે અને શક્ય છે કે, આવનારા દિવસોમાં અન્ય સરકારી કર્મીઓના બોનસની પણ સરકાર મંજૂરી આપી શકે છે. એક પરંપરા રહી છે કે, દિવાળીના તહેવારોની પહેલા બોનસ ચૂકવવામાં આવે છે. આ રકમ કર્મીઓના પરિવારને તેમની તહેવારોની ઉજવણીમાં આર્થિક રીતે સહાયભૂત થતી રહે છે. તેની સાથોસાથ બોનસની કુલ રકમ અર્થતંત્રમાં આવે, તો બજારોમાં પણ આર્થિક વિકાસને વેગ મળી શકે છે. કેન્દ્ર સરકારે રેલવે કર્મીઓના બોનસને મંજૂરી આપવાની સાથોસાથ બીજો એક મહત્ત્વનો નિર્ણય પણ લીધો છે. દિવ્યાંગોને જન્મની સાથેની સાથે પેન્શનનો લાભ અપાશે. વળી, આ પેન્શન માટેની પાત્રતા માટે દિવ્યાંગતાની પાત્રતાને ૮૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરી દેવાઈ છે. આમ આ હવે વધુ સંખ્યામાં દિવ્યાંગો પેન્શનને પાત્ર થશે. આ વધારા અને સુધારાને લીધે દિવ્યાંગોને તેમની દેખભાળ માટે વધુ આર્થિ મદદ ઉપલબ્ધ થશે. સરકારે હવે તેમના પેન્શનની રકમમાં સુધારો કરવા પર પણ ધ્યાન આપવાની જરૂરત રહેશે આ ઉપરાંત સમાજિક સહાયતા કાર્યક્રમના અમલને હવે ૨૦૩૦ સુધી અમલી રાખવાનો નિર્ણય પણ સરકારે લીધો છે. વર્ષ ૨૦૨૬થી ૨૦૩૦ના આ સમયગાળા દરમ્યાન સરકાર આ યોજના પાછળ ૫૩,૪૨૮કરોડની રકમની જોગવાઈ કરશે અને તેનાથી દેશના ૩.૨૦ કરોડ લોકોને લાભ મળશે એવી આશા રખાઈ રહી છે. ખાસ તો બુઝુર્ગો, વિધવાઓ અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા પરિવારોને આ યોજના સહાયભૂત થશે. સરકારને આ શ્રેણીબદ્ધ પગલાંની તહેવારોના ટૂંકા ગાળાથી માંડીને સમાજિક સહાયતાના લાંબા ગાળાસુધી હકારાત્મક અસર વર્તાશે.

### પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર

# ગુજરાત સરકારે ૪ જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા



## મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલ અને કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં એક મોટી જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨૬ : રાજ્યના ખેડૂતો અને નાગરિકોના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેંદ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને અધિક મુખ્ય સચિવ જયંતી રવિની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી મોટી પત્રકાર પરિષદ દરમિયાન એક મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે ચાર મહત્વના જિલ્લાઓ – દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે.

પત્રકાર પરિષદમાં ગણતરીની મિનિટોમાં જ આ ઐતિહાસિક જાહેરાત કરતા મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે રાજ્ય સરકાર આ ચારેય જિલ્લાના ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી છે. દુષ્કાળના કારણે ખેડૂતોને થયેલા પાક નુકસાનના વળતર રૂપે SDRF (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ) અંતર્ગત વિશેષ સહાય આપવામાં આવશે. જેમાં ખેડૂતોને મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર ૮,૫૦૦ રૂપિયા લેખે નાણાકીય સહાય ચૂકવવામાં આવશે. આ સાથે જ આવતીકાલે પાણીના ગંભીર મુદ્દા પર ચાર રાજ્યોના મુખ્યમંત્રીની એક મહત્વપૂર્ણ બેઠક પણ યોજાનાર છે.

રાજ્યમાં ઓછા વરસાદને કારણે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગર એમ ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે.

આ ચારેય જિલ્લાઓમાં પાકના નુકસાન બદલ ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF) અંતર્ગત સહાય ચૂકવવામાં આવશે. ખેડૂતોને મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત, દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં પશુપાલકોને પશુદીઠ દૈનિક રૂ. ૮૦ની સહાય બે મહિના સુધી ચૂકવવામાં આવશે. આ સહાય SDRFના નિર્ધારિત માપદંડો અનુસાર આપવામાં આવશે.

મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, અત્યારસુધીમાં ૧.૨૧ લાખ કરોડ ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોના લોકોને રોજગારી મળી રહે તે માટે જીરામજી અંતર્ગત ૧૫૦ દિવસની રોજગારી આપવામાં આવશે. ઓછા વરસાદને કારણે ખેતી અને પશુપાલન પર પડેલી અસરને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો અને પશુપાલકોને રાહત આપવા માટે આ પગલાં લેવામાં આવ્યાં છે.

ચાલુ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન હવામાનમાં અનેક મોટા ફેરફારો જોવા મળ્યા હતા. ખાસ કરીને આ વર્ષે મજબૂત અલનીનો (El Nino) પ્રવાહની પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાવાને કારણે વરસાદના પ્રમાણમાં મોટો ઘટાડો નોંધાયો છે. ગુજરાત રાજ્યમાં એકંદરે ૧૦ ટકા વરસાદની ઘટ જોવા મળી છે. આ ઉપરાંત, ખેતી પર નભતા સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ સરેરાશ કરતા ૨૩ ટકા ઓછો વરસાદ વરસ્યો છે.

જો આપણે રાજ્યના વિવિધ ઝોન પ્રમાણે વરસાદના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ, તો જળ-પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે:

કચ્છ રીજિયન: આ વર્ષે સિઝનનો કુલ ૧૧.૩૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સિઝનના સરેરાશ વરસાદના ૫૭.૬૦ટકા છે.

ઉત્તર ગુજરાત ઝોન: અહીં ૨૦.૪૨ ઈંચ સાથે ૭૧.૦૪ ટકા વરસાદ પડ્યો છે.

પૂર્વ-મધ્ય ગુજરાત ઝોન: આ વિસ્તારમાં સિઝનનો ૨૮.૯૧ ઈંચ વરસાદ ખાબક્યો છે, જે કુલ સરેરાશના ૮૯.૬૭ ટકા જેટલો છે.

સૌરાષ્ટ્ર ઝોન: અહીં ૨૧.૪૩ ઈંચ સાથે સિઝનનો માત્ર ૭૧.૪૩ ટકા જ વરસાદ નોંધાયો છે. ગુજરાત રાજ્ય માટે આ આંકડાઓ એટલા માટે ચિંતાજનક છે, કારણ કે વર્ષ ૨૦૧૮ બાદ નોંધાયેલો આ સૌથી ઓછો વરસાદ છે. અગાઉ વર્ષ ૨૦૧૮ માં રાજ્યમાં સરેરાશ ૨૫.૧૦ ઈંચ સાથે સિઝનનો ૭૭ ટકા વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૮ વર્ષના ઈતિહાસમાં આટલી મોટી વરસાદની ખાધ ક્યારેય જોવા મળી ન હતી. રાજ્યમાં આ વર્ષે સરેરાશ ૮૯ ટકા જેટલો સારો વરસાદ નોંધાયો હોવા છતાં કેટલાક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ અપેક્ષા કરતા ઓછું રહ્યું છે.

# ૨૦૧૮ના માનહાનિ કેસમાં રાહુલ ગાંધી નિર્દોષ જાહેર



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : ગૃહમંત્રી અમિત શાહ પરની ટિપ્પણીને લઈને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને મોટી રાહત મળી છે. સુલતાનપુરની એમપી-એમએલએ કોર્ટમાં ચાલી રહેલા ૨૦૧૮ના માનહાનિ કેસમાં સોમવારે તેમને નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે. ચુકાદાના દિવસે કોર્ટની સુનાવણીને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધી વિશેષરૂપે સુલતાનપુર પહોંચ્યા હતા અને કોર્ટમાં હાજર રહ્યા હતા. મે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન બેંગલુરુમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ ભાજપના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અને વર્તમાન ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. આ નિવેદનને માનહાનિજનક ગણાવીને ભાજપના નેતા અને સુલતાનપુર જિલ્લાસહકારી બેંકના પૂર્વઅધ્યક્ષ વિજય મિશ્રાએ ૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ અરજી દાખલ કરી હતી. આ મામલો અગાઉ સિવિલ કોર્ટ અને ત્યારબાદ એમપી-એમએલએ કોર્ટમાં ચાલ્યો હતો.

કોર્ટે સુનાવણીના અંતે ૨૭ નવેમ્બર ૨૦૨૩ના રોજ રાહુલ ગાંધીને આરોપી ગણી સમન્સ જારી કર્યું હતું. ત્યારબાદ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાહુલ ગાંધી ખુદ સુલતાનપુર કોર્ટમાં હાજર થયા હતા, જ્યાં તેમને ૨૫-૨૫ હજારના બે બોન્ડ પર જામીન મળ્યા હતા. કોર્ટ સમક્ષ હાજર થયા દરમિયાન તેમણે તમામ આરોપો ફગાવી દીધા હતા અને તેને સત્તા પક્ષનું ષડયંત્ર ગણાવ્યું હતું. ટ્રાયલ દરમિયાન અરજીકર્તા પક્ષ તરફથી વિજય મિશ્રા, અનિલ મિશ્રા અને રામચંદ દુબે એમ ત્રણ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. આ ઉપરાંત ફરિયાદીએ રાહુલ ગાંધીના અવાજના નમૂના (વોઇસ સેમ્પલ) મેળવવા માટે પણ અરજી કરી હતી, જેને ટ્રાયલ કોર્ટે ફગાવી દીધી હતી અને બાદમાં સેશન્સ કોર્ટ તથા અલ્હાબાદ હાઈકોર્ટે પણ આ માંગ ફગાવી દીધી હતી.

### અરુણાચલ સરહદે તણાવ મુદ્દે ચીનનું મોટું નિવેદન

# 'આશા છે કે ભારત પણ શાંતિ જાળવશે': ચીન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૨૬
ભારત-ચીન સરહદ પર ચાલી રહેલા તણાવ અને તાજેતરના ઘર્ષણ વચ્ચે ચીન તરફથી એક મહત્વપૂર્ણ પ્રતિક્રિયા સામે આવી છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને સોમવારે જણાવ્યું હતું કે તેમના સૈનિકો સરહદ પર સામાન્ય અને નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા છે. ચીને દાવો કર્યો છે કે તે તમામ સરહદી નિયમો અને સમજૂતીઓનું ચુસ્તપણે પાલન કરી રહ્યું છે અને ભારત પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખે છે.

ઉલ્લેખનીય છે કે, ITBPના ડીજી શત્રુજીત કપૂરે અરુણાચલ પ્રદેશ સરહદે બંને દેશોના સૈનિકો વચ્ચે ઘણી વખત આમને-સામને ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હોવા અંગેનું નિવેદન આપ્યું હતું, ત્યારબાદ આ મુદ્દે રાજકીય ચર્ચાએ જોર પકડ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે તેમની સેના નિર્ધારિત માર્ગદર્શિકા હેઠળ જ પેટ્રોલિંગ કરી રહી છે અને પ્રાદેશિક સાર્વભૌમત્વ તથા સ્થિરતા જાળવવા માટે આ વ્યવસ્થા જરૂરી છે.

આ સાથે ચીને એવું પણ જણાવ્યું કે ભારત સાથે રાજદ્વારી વાતચીતના દરવાજા હંમેશાં ખુલ્લા રહેશે અને અપેક્ષા રાખી કે ભારત પણ સરહદી વિસ્તારોમાં શાંતિ તથા સ્થિરતા જાળવવા માટે સકારાત્મક પગલાં ભરશે.

## દમણગંગા ટાઇમ્સ
## CORPORATE NEWS

# આ તહેવારોની મોસમમાં તનિષ્ક રજૂ કરે છે અધ્યાંતરા

સુરત, તા. ૨૬ : ધનતેરસના શુભ અવસર પૂર્વે ટાટાગ્રૂપની ભારતની સૌથી મોટી જ્વેલરી રિટેલ બ્રાન્ડ તનિષ્કે સપ્રસિધ્ધ અભિનેત્રી તૃપ્તિ ડિમરીને ચમકાવતી તેની નવીનતમ જ્વેલરી કલેક્શન 'અધ્યાંતરા' (Adhyantara) રજૂ કરી છે.ચાર શ્રેણીઓમાં ૧૦૦ થી વધુ ડિઝાઇન સાથેં ગ્લાસકુંદન, પ્લેન જ્વેલરી વિથ સ્ટોન્સ, પ્લેન ગોલ્ડ અને અનકટ ડાયમંડ્સ. નેકલેસ સેટ્સ, બંગડીઓ, ફિંગર રિંગ્સ અને મંગળસૂત્રોમાં ફેલાયેલું આ કલેક્શન ૧૮ કેરેટ અને ૨૨ કેરેટ ગોલ્ડમાં રચનાઓ રજૂ કરે છે, જેમાં ૩૦ થી ૧૨૦ ગ્રામ સુધીની ડિઝાઇન નો સમાવેશ થાય છે. દરેક ટુકડો શિલ્પ કળા જેવા 3D સ્વરૂપો, લેયર્ડ બેડરૂમ, પેટન્ટ્ડ 3D ગ્લાસ કુંદન, હાથથી કોતરેલા પથ્થરો અને વિશિષ્ટ મીનાકારી ટેકનોલોજી દ્વારા કલ્પના અને ચોકસાઈના સંગમને પ્રતિબિંબિત કરે છે. જે ખગોળીય દુનિયાની ઊંડાઈ અને દીપ્તિને પ્રતિ ધ્વનિત કરે છે.

# ભારતની પ્રથમ બુલેટ ટ્રેન વર્ષ ૨૦૨૭માં અમદાવાદ અને મુંબઈની વચ્ચે દોડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૨૬
દેશમાં પહેલી બુલેટ ટ્રેન ચલાવવાની મહત્ત્વાકાંક્ષી તૈયારીઓ હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે, અને એવી પ્રબળ અપેક્ષા રાખવામાં આવી રહી છે કે આવતા વર્ષ ૨૦૨૭ના આખરી ક્વાર્ટરમાં આ હાઈ-સ્પીડ ટ્રેન અમદાવાદ અને મુંબઈ વચ્ચેના હાઈ-સ્પીડ ટ્રેક પર દોડવા લાગશે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પર શેર કરેલી વિગતો મુજબ, ભારતની આ પ્રથમ બુલેટ ટ્રેન હવે માત્ર કાગળ પરની જાહેરાત નથી રહી પરંતુ જમીની સ્તરે આકાર લઈ રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મુંબઈના બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) ખાતે જમીનથી લગભગ ૧૦૦ ફૂટ (૩૨ મીટર) નીચે એક વિશાળ અંડરગ્રાઉન્ડ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે ૧૦ માળની ઈમારત જેટલી ઊંડાઈ ધરાવે છે. આ ભૂગર્ભ સ્ટેશનમાં પ્લેટફોર્મ, કોન્કોર્સ અને સર્વિસિસ એરિયા એમ ૩ લેવલ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી થોડા અંતરે થાણે ક્રીક નીચે ખડકોને કાપીને ભારતની પહેલી અંડર-સી (સમુદ્રની અંદર) રેલ ટનલ બનાવવામાં આવી રહી છે.



મહારાષ્ટ્રમાં આ કોરિડોર ૨૧ કિલોમીટર લાંબી સુરંગથી પસાર થશે, જેમાંથી ૭ કિલોમીટરનો હિસ્સો થાણે ક્રીક નીચે સમુદ્રની અંદર રહેશે. આ અત્યાધુનિક સુરંગના નિર્માણ માટે ૩,૨૦૦ ટન વજન ધરાવતી અને ૫૦૦ એશિયન હાથીઓના વજન સમાન વિશાળ ટનલ બોરિંગ મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે,

જે ભારતમાં અત્યાર સુધી લગાવવામાં આવેલી સૌથી મોટી મશીનોમાં સામેલ છે. આ મશીનોનું કટરહેડ ૧૩.૬ મીટર ડાયામીટર એટલે કે ૪ માળની બિલ્ડિંગ જેટલું ઊંચું છે.

આ હાઈ-સ્પીડ ટ્રેન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ અને સરેરાશ ૩૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિથી દોડશે. મહારાષ્ટ્ર, ગુજરાત તથા દાનહથી પસાર થનારા આ ૫૦૮ કિલોમીટર લાંબા રૂટ પર કુલ ૧૨ મુખ્ય સ્ટેશનો મુંબઈ (BKC), થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી ખાતે નક્કી કરવામાં આવ્યા છે.

# મોદી પર ખડગેની ટિપ્પણીથી ભડક્યાં રાજનાથ સિંહ



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૨૬ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કરેલી ટિપ્પણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભાજપે મલ્લિકાર્જુન ખડગે પાસે બિનશરતી માફીની માગ કરી છે અને તેમના નિવેદનના વિરોધમાં દેશભરમાં દેખાવો કરવાની જાહેરાત કરી છે. આ વિવાદ વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, આ માત્ર કોઈ એક વ્યક્તિ કે પરિવારનું નહીં, પરંતુ સમગ્ર ભારતનું અપમાન છે. બીજી તરફ કોંગ્રેસે ખડગેના નિવેદન અંગે પોતાનો પક્ષ રજૂ કર્યો છે.

### બંગાળની ખાડીમાં 'અર્નબ' વાવાઝોડાનું સંકટ

# ૧૪ રાજ્યોમાં તોફાની વરસાદનું રેડ અને ઓરેન્જ એલર્ટ જારી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૨૬
બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ હવે વિધિવત રીતે તીવ્ર વાવાઝોડા 'અર્નબ' (Cyclone Arnab) માં પરિવર્તિત થઈ ચૂક્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના સત્તાવાર અહેવાલ મુજબ, આ વાવાઝોડું ઝડપથી ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે, જેના પ્રભાવ હેઠળ દેશના કુલ ૧૪ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તટીય વિસ્તારોમાં ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની તોફાની ગતિએ પવનો ફૂંકાઈ રહ્યા છે, જેની સીધી અને ગંભીર અસર ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. સંભવિત આપત્તિને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર દ્વારા NDRF અને SDRF ની ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે તથા માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવાની કડક સૂચના અપાઈ છે.

વાવાઝોડાના પગલે દક્ષિણ અને પૂર્વ ભારતમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગે તામિલનાડુ, કેરળ, પુડુચેરી, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદને લઈને 'રેડ એલર્ટ' જારી કર્યું છે, જ્યારે ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં 'ઓરેન્જ એલર્ટ' આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ઝારખંડ, બિહાર અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પણ ૨૬ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

એક તરફ દક્ષિણ ભારત વાવાઝોડા સામે ઝઝૂમી રહ્યું છે, તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતમાં ઋતુ બદલાતા ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમવર્ષા શરૂ થઈ છે,

જ્યાં તાપમાન શૂન્યની નજીક પહોંચી ગયું છે.

પહાડોમાંથી ફૂંકાતા આ બર્ફીલા પવનોના કારણે દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં સવાર તથા સાંજ દરમિયાન ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે.

# મુંબઈનો AQI 322 પર પહોંચતા હવા 'ખૂબ જ ખરાબ' શ્રેણીમા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬ : શિયાળાની ઋતુ વિધિવત શરૂ થાય તે પૂર્વે જ દેશનાં મહાનગરોમાં વાયુ પ્રદૂષણનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. સામાન્ય રીતે પ્રદૂષણના મામલે મોખરે રહેતી રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની હવાની ગુણવત્તા આ ઓક્ટોબર મહિનામાં અપેક્ષાકૃત સારી (AQI ૧૬૭ થી ૧૭૬ વચ્ચે) નોંધાઈ છે, પરંતુ તેનાથી બિલકુલ વિપરીત માયાનગરી મુંબઈ અને ગુજરાતના મેગાસિટી અમદાવાદમાં હવાની ગુણવત્તા એટલી હદે કથળી ગઈ છે કે નાગરિકો માટે શ્વાસ લેવો પણ જોખમી બની ગયો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) ના ડેટા અનુસાર મુંબઈનો સરેરાશ AQI 322 પર પહોંચી ગયો છે, જે દિલ્હી કરતાં લગભગ બમણો હોવાની સાથે 'ખૂબ જ ખરાબ' (Very Poor) શ્રેણી દર્શાવે છે.

મુંબઈ દરિયા કિનારે આવેલું શહેર હોવા છતાં પવનની ઓછી ગતિ અને હવામાં વધુ ભેજ હોવાના કારણે પ્રદૂષકો યોગ્ય રીતે વિખેરાઈ શકતા નથી. અભ્યાસો મુજબ મુંબઈમાં PM10 પ્રદૂષણ માટે પરિવહન (૧૯.૬%), રસ્તાની ધૂળ (૧૯.૪%) અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ (૧૮.૯%) મુખ્યત્વે જવાબદાર છે.

# લુલા દા સિલ્વા ચોથી વખત બ્રાઝિલના રાષ્ટ્રપતિ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મેક્સિકો , તા.૨૬
બ્રાઝિલમાં, ડાબેરી વિચારધારા ધરાવતા રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી લીધી છે. તેમણે ચૂંટણીના બીજા તબક્કામાં જમણેરી વિચારધારા ધરાવતા સેનેટર ફ્લેવિયો બોલ્સોનારોને પરાજય આપ્યો છે.



આ જીત સાથે, લુલા દા સિલ્વા ચોથી વખત બ્રાઝિલના રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. લેટિન અમેરિકામાં મધ્ય-ડાબેરી વિચારધારા માટે આ જીતને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.મતગણતરી પૂર્ણ થયા બાદ, બ્રાઝિલની ચૂંટણી અદાલતે લુલાને વિજેતા જાહેર કર્યા. ૮૦ વર્ષીય લુલાએ તેમના હરીફ ફ્લેવિયો બોલ્સોનારો સામે લગભગ ૪૪ લાખ (૪.૪ મિલિયન) મતોની નિર્ણાયક સરસાઈ મેળવી છે.એવી અટકળો છે કે આ પરિણામ બાદ બોલ્સોનારો કાયદાકીય કાર્યવાહી કરી શકે છે. લુલાની જીત અનેક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે; એવા સમયે જ્યારે લેટિન અમેરિકામાં જમણેરી નેતાઓ—જેઓ ઘણીવાર અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિચારધારા સાથે સંકળાયેલા હોય છે—ચૂંટણીઓ જીતી રહ્યા છે, ત્યારે લુલાની જીત આ પ્રવાહથી તદ્દન વિપરીત છે.લુલાની જીત સાથે, લેટિન અમેરિકાના બે સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો—મેક્સિકો અને બ્રાઝિલ—માં હવે મધ્ય-ડાબેરી નેતાઓ સત્તા પર છે. બ્રાઝિલ, જે ૨.૬ ટ્રિલિયન ડોલરના વાર્ષિક જીડીપી સાથે લેટિન અમેરિકાની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, તે અમેરિકા પરની પોતાની નિર્ભરતા ઘટાડવાની અને સ્વતંત્ર આર્થિક નીતિ અપનાવવાની ક્ષમતા ધરાવે છે—ભલે પછી અમેરિકા દ્વારા ભારે ટેરિફ (આયાત શુલ્ક)નું દબાણ કેમ ન હોય.બ્રાઝિલની ચૂંટણીમાં મળેલી આ જીત લુલા દા સિલ્વાને રાષ્ટ્રપતિ તરીકે ચોથો કાર્યકાળ અપાવે છે. તેમનો આગામી કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૭થી શરૃ થશે.પોતાની જીત બાદ, લુલા દા સિલ્વાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે બ્રાઝિલ કોઈના "બેકયાર્ડ" (એટલે કે કોઈના પ્રભાવ હેઠળનો વિસ્તાર)માં નથી.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## વાપીમાં શરદ પૂર્ણિમાના રાસોત્સવમાં આહીર સમાજનો ઉમંગ છલકાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** શ્રી સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છ આહીર સેવા સમાજ વાપી દ્વારા આયોજિત શરદ પૂર્ણિમા નિમિત્તે રાસોત્સવ કાર્યક્રમ શનિવારે તા.૨૪/૧૦/૨૦૨૬ના રોજ અમર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાઈવે નં.૮, બગવાડા ટોલનાકાની બાજુમાં ભવ્ય રીતે યોજાયો હતો. સાંજે ૬.૦૦ થી ૧૨.૦૦ સુધી ચાલેલા આ કાર્યક્રમની શરૂઆત શ્રી સત્યનારાયણ ભગવાનની કથાથી થઈ હતી, જે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ સુધી યોજાઈ હતી. કથાના યજમાન શ્યામભાઈ ભરતભાઈ બોરસાતરીયા હતાં. ત્યારબાદ સાંજે ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન ભોજન સમારંભ અને માતાજીની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી બાદ રાસગરબાની રમઝટ શરૂ થઈ હતી, જે મધ્યરાત્રિ સુધી ચાલી હતી. કાર્યક્રમમાં ગાયક ભક્તિબેન આહીર, મુકેશભાઈ ચુડાસમા, ભાગવ આહીર અને સાહિત્યમાં નરેશભાઈ આહીરે સુરીલી પ્રસ્તુતિ આપી હતી. આહીર સમાજના પરંપરાગત ડ્રેસમાં સજ્જ મહિલાઓ ચણિયાચોળીમાં અને પુરુષો કેડિયું-ધોતિયામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગરબા ગાયા હતા. સમગ્ર પંડાળ ભકિત અને ઉલ્લાસના માહોલથી ગુંજી ઉઠ્યો હતો. કાર્યક્રમ સફળ બનાવવા સમાજના આગેવાનો મનોજ ભાઈ નંદાણિયા, પીયુષ ભાઈ ભાટુ વિગેરે એ ભારે જહેમત ઉઠાવી હતી.

## બુધવારથી વાપીમાં સ્વદેશી મેળાનો પ્રારંભ થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૬ :** વાપીના ચલા ખાતે આવેલ અજીત નગરના મેદાનમાં સતત બીજા વર્ષે વાપી મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં મોટી સંખ્યામાં સ્વદેશી ઉત્પાદક કરનાર તેમજ ગૃહ ઉદ્યોગ કરનાર દ્વારા સ્ટોલ લગાવી વેચાણ કરવામાં આવશે. આ મેળાનું ઉદ્ઘાટન મેયર દક્ષાબેન પટેલના હસ્તે કરાશે. વાપી મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે વાપીના અજીતનગર મેદાન ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૫ વાગ્યે વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલના હસ્તે આ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

ઉદ્ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ તેમજ સમાજ કલ્યાણ અને સાંસ્કૃતિક વિભાગનાં અધ્યક્ષ ટીનાબેન હળપતિ ઉપસ્થિત રહેશે. જ્યારે વાપી મહાનગર ભાજપના પ્રમુખ મનીષભાઈ દેસાઈ પ્રેરક તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

## સલવાવમાં વિક્રમ સારાભાઈ અવકાશ પ્રદર્શનનો પ્રારંભ

**વાપી, તા.૨૬ :** શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ ખાતે સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (એસએસી), ઇસરો, અમદાવાદના સહયોગથી બે દિવસીય વિક્રમ સારાભાઈ અવકાશ પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ૨૬ અને ૨૭ ઑક્ટોબર દરમિયાન યોજાનાર આ પ્રદર્શનનું ઉદ્ઘાટન જિલ્લા શિક્ષણાધિકારી રાજશ્રી ટંડેલ અને ઈસરોના વૈજ્ઞાનિક ઈજનેર રવિ કુમાર વર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સેલ્ફ-ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનનાં પ્રમુખ અને વાપી પબ્લિક સ્કૂલનાં સંચાલિકા અલ્પા કોટડિયા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. દીપપ્રાગટ્ય અને વિદ્યાર્થીઓના સ્વાગત નૃત્ય સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. સચિન બી. નારખેડેએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. ઈસરોના વૈજ્ઞાનિક ઈજનેર રવિ કુમાર વર્માએ વિદ્યાર્થીઓને સંબોધતાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા કેળવવા, પ્રશ્નો પૂછવા અને અવકાશ વિજ્ઞાન તથા ટેક્નોલોજીના ક્ષેત્રમાં કારકિર્દીની નવી તકો શોધવા પ્રેરણા આપી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી રાજશ્રી ટંડેલે જણાવ્યું હતું કે, આધ્યાત્મિકતા સાથે વિજ્ઞાનનો સમન્વય થાય ત્યારે ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય છે. તેમણે વિદ્યાર્થીઓને પ્રદર્શનનો મહત્તમ લાભ લઈ ભવિષ્યમાં વૈજ્ઞાનિક બનવા માટે પ્રેરિત કર્યા હતા.

પ્રદર્શનમાં સંચાર, નેવિગેશન, હવામાનની આગાહી, કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતનાં ક્ષેત્રોમાં અવકાશ ટેક્નોલોજીના ઉપયોગો વિશે માહિતી રજૂ કરવામાં આવી છે. વાપી વિસ્તારની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ પ્રદર્શનની મુલાકાત લઈ અવકાશ વિજ્ઞાનને લગતી રસપ્રદ માહિતી અને -યોગો નિહાળ્યાં હતાં.



આ પ્રદર્શન બંને દિવસ સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ, વાલીઓ અને મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે. આ આયોજનથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા અને ભારતની અવકાશ ક્ષેત્રની સિદ્ધિઓથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## આજે તોગડિયા ખેરગામ-ધરમપુરમાં

**ચીખલી, તા.૨૬ :** આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સંસ્થાપક અખિલ ભારતીય અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ તોગડીયાએ ચીખલીની મુલાકાત લીધી હતી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ કાર્યકરો ચીખલી કોળી પટેલ સમાજની વાડી ખાતે ભેગા થયા હતાં અને પ્રવીણભાઈ તોગડિયાનું પુષ્પોથી સન્માન કર્યું હતું. ડો. પ્રવીણભાઈ તોગડીયા જણાવ્યું કે હિન્દુ એકતા જાળવી રાખવા માટે કોઈ એક જગ્યા ઉપર શનિવારના રોજ ભેગા મળી રામધૂન કરવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં પરંતુ રામ મંદિરના નિર્માણ માટે શું કર્યું હતું તે જાહેરમાં વર્ણવ્યું હતું. આજે મંગળવારે સવારે ૯:૪૫ કલાકે ડો. પ્રવિણ તોગડીયા ખેરગામમાં કાળા રામ મંદિર પાસે બજારમાં તથા ૧૧.૩૦ કલાકે ધરમપુરની બ્રાહ્મણ સમાજની વાડીમાં સભા યોજશે.

## સુલપડથી જ્યુપિટરની ચોરી

**વાપી, તા.૨૬ :** વાપીના મોટી સુલપડ જલારામ ચોક વિસ્તારમાંથી TVS જ્યુપિટર મોપેડની ચોરી થઈ છે. ફરિયાદી મનિયાભાઈ બાબુભાઈ પટેલે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પટેલે જણાવ્યું કે ચાર મહિના પહેલા લીધેલું TVS જ્યુપિટર (રજી. નં. GJ-15-ER-2247) તેઓ ઘર વપરાશ માટે વાપરતા હતાં. તા.૧૮/૧૦/૨૦૨૬ના રાત્રે ૧૦ વાગ્યે દુકાનેથી ઘરે આવી મોપેડ ઘરના આંગણામાં પાર્ક કર્યું હતું.

બીજા દિવસે સવારે ૭ વાગ્યે દુકાને જવા નીકળ્યા ત્યારે મોપેડ જોવા મળ્યું ન હતું. આજુબાજુ શોધવા છતાં મળ્યું નહીં. કોઈએ ડુપ્લિકેટ ચાવી કે સાધન વડે ચોરી કરી હોવાની શંકા છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગુંદિયામાં મેગા મેડિકલ કેમ્પ યોજાયો

**પારડી, તા.૨૬ :** લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ દ્વારા છેવાડાના આદિવાસી વિદ્યાર્થીઓ અને ગામજનોના સારા સ્વાસ્થ્યના ઉમદા હેતુથી મેગા મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં ગુંદીયા પ્રાથમિક શાળા તથા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય સાડલવેર આશ્રમ શાળાના ૧૭૦ જેટલા બાળકોનો સંપૂર્ણ બોડી ચેક અપ દાંત અને આંખોની તપાસ કરી જરૂરી દવાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્થાનિક વિસ્તારના ૧૦૦ જેટલા લોકોની આંખ દાંત અને અન્ય શારીરિક બીમારીઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્ય ચશ્મા તથા દવાઓનો વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લેબ તપાસ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતાં. આ કેમ્પમાં પારડી ના સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. જીગના ગરાસિયા, નીલકંઠ લેબોરેટરીના ડો. નીતિન પટેલ, અન્નુઆઈ હોસ્પિટલ પારડીના જતીનભાઈની ટીમ દ્વારા આંખોની તપાસ કરી ફ્રિ ચશ્મા વિતરણ કરવામાં આવ્યાં હતાં. ધરમપુરના ડો. દિલીપભાઈ પટેલ, ડો. રીતેશ પટેલ, ડો. હસમુખભાઈ પટેલ, તથા ખેરગામના ડો. નિરવ પટેલ, તેમજ દાંતના ડો. કુણાલ પટેલ, ડો. ખુશ્બુ પટેલ અને તેમની ટીમ ડો. સુરભી પટેલ, ફાર્મા સી હેત વિદ્યાર્થીઓનો ઉજ્વળ ભવિષ્ય માટે કારકિર્દી વિષય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક કુરિવાજ એવા બાલ લગ્ન અટકાવવા માટે વિશેષ માર્ગદર્શન આપી ઉપસ્થિતોને બાળ લગ્ન વિરોધી પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. સમગ્ર કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના પ્રમુખ પ્રેમલ ચૌહાણ, સેક્રેટરી ડો. જીજ્ઞા ગરાસીયા, ડો. નિતિન પટેલ તથા તેમનો સ્ટાફ, ભરતભાઈ દેસાઈ, કેઝાર મુસાની, શાંતિલાલ પટેલ, કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ પારડીના નીતિન પટેલ તેમજ ગુંદીયા પ્રાથમિક શાળાના આચાર્ય પરેશભાઈ પરમાર અને આવધા શાળાના આચાર્ય પાયલબેન સહિતના આગેવાનોએ ભારે જેમાં ઉઠાવી હતી. અંતરાળ વિસ્તારમાં યોજાયેલા આ સેવા યજ્ઞની સ્થાનિક લોકો અને શાળા પરિવારે બિરદાવ્યા હતો.




### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાઓને આ નોટીસથી જણાવવામાં અઆવે છે કે, શિડ્યુલમાં વર્ણવેલ નામ સુધારો રેવન્યુ રેકર્ડ દફતરે મોજે માંદોની પટેલાદના સિંદોની ગામ ખાતે આવેલ ખેતીની જમીન જેના ખાતા નંબર : ૧૧૪ જેના (૧) સર્વે નંબર : ૧૮૬ જેનું કુલ વિસ્તાર હે ૧-૧૧-૫૦ આરે (૨) સર્વે નંબર : ૧૮૯ જેનું કુલ વિસ્તાર હે૦-૦૯-૬૪ આરે (૩) સર્વે નંબર : ૩૧૭ જેનું કુલ વિસ્તાર હે ૦-૬૩-૫૫ આરે (૪) સર્વે નંબર : ૩૩૮ જેનું કુલ વિસ્તાર હે ૦-૫૨-૦૬ આરે વાળી જમીનના રેવન્યુ રેકોર્ડમાં ૭/૧૨ મારૂ દશરત સીતા ટોકર્યાથી ચાલી આવેલ છે. અને ઉપરોક્ત બે નામ વાળી વ્યક્તિ એક જ છે જે બાબતનું સોગંધનામું જાહેર કરેલ છે. જેનું આ જાહેર નોટીસ જાહેર જનતાને આપવામાં આવેલ છે. અને કોઈ પણ વ્યક્તિ દશરત સીતા ટોકર્યા વાળું નામ ધરાવતા કે સમાન ધરવતા હોઈ તો સદર મામલતદાર કચેરી ખાતે નામ સુધારા અંગેની અરજી કરવામાં આવેલ છે. તેમ જણાવી મામલતદાર કચેરી, ખાનવેલ મુકામે જમીનના રેવેન્યુ રોકર્ડ હક્ક હેઠળ શિડ્યુલમાં વર્ણવેલ મિલકતના રેવન્યુ દફતરે સોન્યા સીતા ટોકરે અને અન્યના નામો તેમના સીધી લીટીના વારસદારો નામો માલકી તરીકે દાખલ કરવા માટે અરજી કરેલ છે, જેથી તે બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તેમણે લેખીતમાં જરૂરી તથા પુરાવાઓ સાથે હમોને નીચે જણાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ દિન ૩૦ દિવસ સુધીમાં પોતાના વાંધાઓ રજુ કરવા. સદર ૩૦ દિવસના મુદ્દત બાદ કોઈનો કોઈપણ કોઈ પ્રકારનો વાંધો રજૂ થશે નહીં તેમ સમજી મારા અસીલ વારસાઈ/નામ સુધારાની પ્રક્રિયા પુરી કરવી લેશે અને ત્યારબાદ કોઈ પણ પ્રકારની તકરાર રાખવામાં આવશે નહી. જેની બાદ આ નોંધ લેવી.

શિડ્યુલ (રેવન્યુ દફતરે વારસાઈ અંગે નામ સુધારો) દશરત સીતા ટોકર્યા અને સોન્યા સીતા ટોકરે બંને નામ વાળી વ્યક્તિ એક જ છે.

મોજે માંદોની પટેલાદના સિંદોની ગામ ખાતે આવેલ (૧) સર્વે નંબર : ૧૮૬ (૨) સર્વે નંબર : ૧૮૯ (૩) સર્વે નંબર : ૩૧૭ (૪) સર્વે નંબર : ૩૩૮ જે જમીન તથા મજબૂર મિલકતને લાગતા વળગતા તમામ પ્રકારના સુખાઅધીકાર હક્કો સહીતના તમામ.

**તારીખ : ૨૨/૧૦/૨૦૨૫**
**સ્થળ : ખાનવેલ**

**ખુસ્તાર આઈ. ખાન**
બીબીએ, એલ.એલ.બી.
વકીલ, સિલવાસા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન કોર્ટ

ઓફિસ : ૪૭૬, જીલાની એપાર્ટમેન્ટ, ભગતપાડા ખાનવેલ -૩૯૬૨૩૦, D&NHDD. Mo. No.7203041501

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM TRISHLA JAIN TO NEW NAME TRISHLA ANIL JAIN AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM ASHFIYA BANO ABDUL REHMAN SHAIKH TO NEW NAME ASHFIYA ABDUR RAHMAN SHAIKH AS PER DOCUMENTS

### CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM ANILKUMAR RAJKUMAR JAIN TO NEW NAME ANILKUMAR JAIN AS PER DOCUMENTS

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૪૦૦/૨૦૨૫

**અરજદાર : રતિલાલ હરિભાઈ પટેલ, ઉ.આ.વ.૮૦, ધંધો - ખેતી**
**રહે.** વલવાડા, સીમતળાઈ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. જે.એમ. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રતિલાલ હરિભાઈ પટેલ** ઉ.આ.વ.૮૦, ધંધો. ખેતી રહે. વલવાડા, સીમતળાઈ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા નામે **હરિભાઈ ભગ્યાભાઈ પટેલનું** મરણ તા.૧૦-૦૬-૧૯૪૯ના રોજ મોજે - વલવાડા, સીમતળાઈ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૪૦૦/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

### મે.ઉમરગામના એડી.ચીફ જ્યુડી.મેજી.સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ

ફો.પ.અ.નં.૩૬૬/૨૦૨૬

**અરજદાર : નસીમબેન નાદીરભાઈ વસાયા**

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના મારી પુત્રી **સેલિનાબેન નાદીરભાઈ વસાયા**નો જન્મ તારીખ ૦૫/૦૯/૧૯૭૭ના રોજ સંજાણ તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૩/૧૨/૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૨૬ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| સીની. ક્લાર્ક | આસિસ્ટન્ટ | | રજીસ્ટ્રાર સિવિલ કોર્ટ, ઉમરગામ |

No.MAM/SIL/RTS/RBD-DNH/195/Birth/2026/3588 Dated: 06/7/2026.

**APPLICANT- Pramila Fuljibhai Patel w/o Dinesh Dhodi, Presently residing at- Prathipada, Nagvas, Sub-Dist-Umbergaon, Dist-Valsad, Gujarat-396235**
**Mo. 7043841277**

V/S

**OPPONENTS- The Registrar of Births & Deaths, Sayli.**

**NOTICE**

The public to take note that the above, named applicant Pramila Fuljibhai Patel w/o Dinesh Dhodi, who was born on 20/08/1986 at Bhoyapada, Sayli, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Sayli. Hence, the applicant has moved on application to pass an order to register birth of Pramila Fuljibhai Patel w/o Dinesh Dhodi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

No.MAM/SIL/RTS/RBD-DNH/208/Death/2026/5209 Dated:22/09/2026.

**APPLICANT - Vikal Raghla Pagi, Presently residing at- Dandikar, Kharadpada, DNH.**
**Mo. 7475992261**

V/S

**OPPONENTS - The Registrar of Births & Deaths, Kharadpada.**

**NOTICE**

The public to take note that the above, named applicant Vikal Raghla Pagi's mother namely Budhiben Raghlabhai Pagi died on 20/11/1992 at Dandikar, Kharadpada, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Births & Deaths, Kharadpada. Hence, the applicant has moved on application to pass an order to register death of Budhiben Raghlabhai Pagi. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu
VIGILANCE DEPARTMENT

**APPEAL**

Observance of Vigilance Awareness Week, 2026

26th October to 01st November, 2026 on theme;

"Probity for Prosperity"
"सत्यनिष्ठा से समृद्धि"

All the citizens, corporate, entities, firms etc. are requested to take online Integrity Pledge. The same is available on the Central Vigilance Commission's website http://www.cvc.gov.in.

NO.: IP/DMN/2/5/2026-27/592 DATED :23/10/2026

### જાહેર હરાજી

આથી મોટા વાઘછીપા ગામના સર્વે નાગરિકો તથા જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક તમામ વ્યક્તિઓને જાહેર કરવામાં આવે છે કે ગ્રામ પંચાયત, મોટા વાઘછીપા દ્વારા નીચે દર્શાવેલ મિલકતોની જાહેર હરાજી તા. ૨૮/૧૦/૨૦૨૬, બુધવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી, મોટા વાઘછીપા ખાતે રાખવામાં આવેલ છે.

**- હરાજી કરવાની મિલકતોની વિગત**

૧. હરિજનવાસ આંગણવાડી કેન્દ્ર
૨. આંબાચિયા ફળિયા આંગણવાડી કેન્દ્ર
૩. પારસી ફળિયા પાણીની મીની ટાંકી

ઉપરોક્ત મિલકતોની અપસેટ વેલ્યુ રૂા.૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ હજાર પૂરા) નક્કી કરવામાં આવેલ છે.

**- હરાજીની શરતો અને નિયમો**

૧. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક દરેક વ્યક્તિએ ડિપોઝિટ પેટે રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ગ્રામ પંચાયતમાં જમા કરાવવાના રહેશે. હરાજીમાં સફળ ન થનાર વ્યક્તિઓને ડિપોઝિટની રકમ પરત કરવામાં આવશે. સફળ બોલીદારની ડિપોઝિટની રકમ હરાજીની શરતો મુજબ સરભર કરવામાં આવશે.
૨. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક દરેક વ્યક્તિએ પોતાનું માન્ય ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે.
૩. હરાજીમાં સૌથી ઊંચી બોલી બોલનાર સફળ બોલીદારે હરાજી પૂર્ણ થયા બાદ મિલકતની કુલ મંજૂર થયેલ બોલી રકમના ૫૦ ટકા (પચાસ ટકા) રકમ ગ્રામ પંચાયતમાં જમા કરાવવાની રહેશે. બાકીની રકમ ગ્રામ પંચાયત દ્વારા નક્કી કરવામાં આવેલ સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે.
૪. હરાજીમાં ખરીદનાર સફળ બોલીદારે હરાજીથી મેળવેલ મિલકતની જગ્યામાં રહેલ તમામ કાટમાળનો નિકાલ હરાજી પૂર્ણ થયાના બે દિવસની અંદર પોતાના ખર્ચે કરવાનો રહેશે તથા જગ્યાને સંપૂર્ણપણે સાફ અને ખુલ્લી કરવાની રહેશે.
૫. ગ્રામ પંચાયતને લાગુ પડતા નિયમો તથા સક્ષમ સત્તાધિકારીની મંજૂરીને આધીન હરાજી સ્વીકારવા, નામંજૂર કરવા અથવા જરૂરી વહીવટી નિર્ણય લેવાનો અધિકાર રહેશે.

આથી તમામ રસ ધરાવતા ઇસમોને ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે હાજર રહી જાહેર હરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, મોટા વાઘછીપા**
**હરાજીની તારીખ : ૨૮/૧૦/૨૦૨૬**
**સમય : બપોરે ૧૨:૦૦ કલાકે**

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**મોટા વાઘછીપા**

### કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામ પંચાયત સુખેશ તા.પારડી, જી.વલસાડની હદ્દ વિસ્તારમાં સુખેશ ગામે હરિજનવાસમાં આવેલ આંગણવાડીના જૂના અને જર્જરિત મકાનના કાટમાળ/ બાંધકામ (ડીમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.

- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- **જર્જરિત મકાનની વિગત :**

સુખેશ હરિજનવાસમાં આંગણવાડીનું મકાન
**હરાજી સ્થળ :** સુખેશ હરિજનવાસ આંગણવાડી કેન્દ્રના મકાન પાસે
**હરાજી સમય :** સવારે ૧૧:૦૦ કલાકે
**તારીખ :** ૨૮/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**સુખેશ**


ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205




ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફલાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં
ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂા.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S
MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 27, October 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## સેલવાસમાં નાયલોન માંજાની ફેક્ટરી ઝડપાઈ : રૂ. ૬.૨૬ કરોડનો મુદ્દામાલ જપ્ત

### ફેક્ટરી સીલ કરાઈ : માલિક-સંચાલકો ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૬ :** નાગપુર ગ્રામ્ય પોલીસે બુધવારે દાદરા અને નગર હવેલીમાં પ્રતિબંધિત નાયલોન માંજાનું ઉત્પાદન અને પેકિંગ કરતી કથિત ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. આ કાર્યવાહીમાં મશીનરી, કાચો માલ અને તૈયાર ઉત્પાદનો સહિત રૂ. ૬.૨૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ફેક્ટરીમાં અલગ-અલગ બ્રાન્ડનાં નામે નાયલોન માંજાનું ઉત્પાદન કરવામાં આવતું હતું. પોલીસે ફેક્ટરી સીલ કરી છે, જ્યારે તેના માલિકો અને સંચાલકો ફરાર હોવાનું જણાવાયું છે.

નાગપુર ગ્રામ્યના પોલીસ અધિક્ષક હર્ષ એ. પોદ્દારે જણાવ્યું હતું કે સિલવાસાના સ્થાનિક વહીવટી તંત્રના સહયોગથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં માંજો બનાવવાની, રીલ તૈયાર કરવાની અને પેકિંગ કરવાની મશીનરી, તૈયાર રીલ, કાચો માલ, પાઉડર, પેકિંગ સામગ્રી તથા રબરની મહોરોનો સમાવેશ થાય છે. સ્થાનિક અદાલતની મંજૂરી મેળવ્યા બાદ આ મુદ્દામાલ નાગપુર લઈ જવાને બદલે સિલવાસામાં જ નષ્ટ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસની તપાસ ૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શરૂ થઈ હતી. તે સમયે કલમેશ્વર પોલીસ મથકની હદમાં આવેલા ગોંડખૈરી ગામના લોજિસ્ટિક્સ યાર્ડમાંથી રૂ. ૧૪.૪૦ લાખની કિંમતની ૧,૨૦૦ પ્લાસ્ટિક રીલ અને રૂ. ૨૦ લાખની કિંમતનો કન્ટેનર ટ્રક જપ્ત કરવામાં આવ્યો હતો. ટ્રકચાલક છબિનાથ નિષાદને આરોપી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્થાનિક ગુના શાખાની તપાસમાં પ્રતિબંધિત માંજાના ઉત્પાદનનું પગેરું દાદરા અને નગર હવેલીની આ ફેક્ટરી સુધી પહોંચ્યું હતું. ફેક્ટરી બંધ હોવાથી પોલીસે અદાલતની મંજૂરી મેળવી સ્થાનિક વહીવટી તંત્રના સહયોગથી તપાસ હાથ ધરી હતી. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)એ માનવજીવન, પક્ષીઓ અને પ્રાણીઓ માટે જોખમી એવા નાયલોન સહિતના બિનજૈવવિઘટનીય કૃત્રિમ માંજાના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, ખરીદી અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે.

## વાપી મનપામાં વિકાસકાર્યો સમયસર હાથ ધરવા કમિશ્નરની તાકીદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી (IAS)ની અધ્યક્ષતામાં આજે સાંજે ૪ વાગ્યે મહાનગરપાલિકાના તમામ વિભાગીય અધિકારીઓની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ આગામી આયોજન હેઠળનાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરીએ સંબંધિત વિભાગોના કામોની સમીક્ષા કરી આગામી સમયમાં હાથ ધરાનારા વિવિધ વિકાસકાર્યો માટે સમયસર ડીપીઆર (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) તૈયાર કરવા સૂચના આપી હતી. સાથે જ, વિકાસકાર્યોના આયોજનથી લઈને તેના અમલીકરણ સુધીની પ્રક્રિયાને વેગ આપવા અને તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે વિભાગીય અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ વિભાગો વચ્ચે સંકલન જાળવીને કામગીરી હાથ ધરવા તથા આગામી આયોજનનાં કામોને પ્રાથમિકતા આપવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં બંને નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરીટસિંહ રાણા અને વિશાલ પટેલ સહિત મહાનગરપાલિકાના તમામ સંબંધિત વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દેવસરમાં શરદ પૂર્ણિમાએ દૂધોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૬ :** ભારતીય સનાતન સંસ્કૃતિના પવિત્ર પર્વ શરદ પૂર્ણિમા નિમિત્તે બીલીમોરા નજીક આવેલા સપ્રસિદ્ધ દેવસર નવનાથ ધામ ખાતે ભક્તિભાવપૂર્વક પરંપરાગત 'દૂધોત્સવ' ઉજવાયો હતો. શરદ પૂનમની રાત્રે ચંદ્રના અમૃત સમાન કિરણોના વિશેષ મહત્ત્વ વચ્ચે મંદિર પરિસરમાં ૩,૫૦૦ લિટર દૂધનો આરોગ્યવર્ધક મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો. સવારથી જ ઉમટી પડેલા હજારો ભાવિક ભક્તોએ રાત્રે ૧૨ વાગ્યા સુધી રાસ-ગરબા અને ભજન-કીર્તનની રમઝટ બોલાવી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. મધ્યરાત્રિએ ચંદ્રના શીતળ કિરણો તળે નવનાથ ધામના ગાદીપતિ પૂ. છોટેદાદા દ્વારા શાબરી મંત્રોચ્ચારણ સાથે દુર્લભ જડીબુટ્ટીઓ મિશ્રિત આ ઔષધિયુક્ત દૂધ પ્રસાદ સિદ્ધ કરાયો હતો, જેને ગ્રહણ કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. વિશ્વભરમાં અનોખી ઓળખ ધરાવતા અને છેલ્લા ૬૦ વર્ષથી ઉજવાતા આ દૂધોત્સવને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પણ ગૌરવવંતું સ્થાન મળેલું છે. ભક્તોની અતૂટ શ્રદ્ધા અનુસાર શાબરી મંત્રોથી અભિમંત્રિત આ દૂધના સેવનથી શારીરિક વ્યાધિઓ, કષ્ટો અને અસાધારણ રોગોમાંથી મુક્તિ મળે છે. આ મહોત્સવ નિમિત્તે નવનાથ ધામમાં વિશેષ રીતે તૈયાર થતી શુદ્ધ અને સાત્વિક ઘારીનો પ્રસાદ પણ ભક્તોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. મોડી રાત સુધી ચાલેલા આ દિવ્ય ઉત્સવમાં સમગ્ર પંથકમાંથી આવેલા હજારો શ્રદ્ધાળુઓએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ આધ્યાત્મિક શાંતિ મેળવી હતી.




## ઉમરગામમાં ૨૪ રૂમ ભાડે આપનાર માલિક સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૬ :** ઉમરગામના કરણગામ રાય દુનિયા ખાતે પોતાની ચાલીના ૨૪ રૂમ ગેરકાયદેસર રીતે ભાડે આપનાર ચાલી માલિક મંગેશભાઈ નવીનભાઈ ધોડી (ઉ.વ. ૪૧) સામે સરીગામ પોલીસે ફરિયાદ નોંધી છે. પીએસઆઈ કે.એમ. સુવાગીયાએ જણાવ્યું કે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડના જાહેરનામા મુજબ ભાડા કરાર વગર રૂમ ભાડે આપવા પર પ્રતિબંધ છે. પોલીસે તપાસ દરમિયાન આ ચાલી માલિકના ૨૪ રૂમ તમામ ભાડે આપેલા હોવાનું અને કોઈ ભાડા કરાર કરેલો ન હોવાનું પંચનામું કર્યું છે. આમ જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

## બીલપુડીમાં અજગરનું રેસ્કયુ કરાયુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૬ :** ધરમપુર તાલુકાના બીલપુડી ગામના બેઝ ફળિયામાં મંગળભાઈ શામજીભાઈ વળવીના ઘર પાસે ભાત કાપતી વખતે વિશાળ અજગર જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂ ટ્રસ્ટ, નવસારીના ધરમપુર-નાનાપોંઢા વિભાગના રેસ્ક્યૂઅર મુકેશભાઈ વાયાડે ધરમપુર વનવિભાગને જાણ કરી રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી હતી.



ભારે જહેમત બાદ મુકેશભાઈ વાયાડે એકલા હાથે આશરે ૧૨ ફૂટ લાંબા અને ૨૨.૮ કિલોગ્રામથી વધુ વજન ધરાવતા અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરી વનવિભાગને સોંપ્યો હતો.

રહેણાક વિસ્તારમાં અજગર કે અન્ય વન્યજીવ દેખાય તો તેમને નુકસાન પહોંચાડવાને બદલે વનવિભાગ અથવા વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂઅરનો સંપર્ક કરવો. રેસ્ક્યૂ માટે મુકેશભાઈ વાયાડનો સંપર્ક નંબર : ૭૯૯૦૯૭૭૩૩૬ / ૮૪૬૯૩૬૧૫૩૩.

## હરિયાપાર્કમાંથી વેગનઆર ચોરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીના હરિયાપાર્ક વિસ્તારમાં શ્રીજી એન્ક્લેવ બિલ્ડીંગ સામેના પાર્કિંગમાંથી એક મારુતિ સુઝુકી વેગન-આર કારની ચોરી થઈ છે. આ અંગે ડુંગરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદી રાજુભાઈ નાનુભાઈ લાડ (ઉ.વ. ૪૩) એ જણાવ્યું કે તેઓ છેલ્લા ૧૪ વર્ષથી પરિવાર સાથે હરિયાપાર્ક સ્થિત શ્રીજી એન્ક્લેવમાં રહે છે અને સેલવાસની એક કંપનીમાં નોકરી કરે છે. તેમણે વર્ષ ૨૦૨૩માં સેકન્ડ હેન્ડ ગ્રે કલરની મારુતિ સુઝુકી વેગન-આર VXI ગાડી (રજી. નં. GJ-15-AD-7822) રૂ. ૨,૦૦, ૦૦૦માં ખરીદી હતી અને તેનો ઉપયોગ અંગત કામ માટે કરતા હતા. તા. ૨૩/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રે સાડા દસ વાગ્યે તેઓ નોકરી પર જવા નીકળ્યા ત્યારે ગાડી બિલ્ડીંગ સામેના પાર્કિંગમાં પાર્ક કરેલી હતી. તા. ૨૪/૧૦/૨૦૨૬ ના સવારે સાડા આઠ વાગ્યે નોકરીથી પરત આવીને જોયું તો પાર્કિંગમાંથી ગાડી ગાયબ હતી. આજુબાજુ શોધખોળ કરવા છતાં ગાડી મળી ન હતી. આખરે તેમણે ડુંગરા પોલીસમાં ફરિયાદ આપી છે. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે, જેની તપાસ એ.એસ.આઈ. ચુનાભાઈ મનસુખભાઈ કાકરે કરી રહ્યા છે.

## આહવા-ચિંચલી માર્ગ પર બે કાર વચ્ચે અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૬ :** ડાંગ જિલ્લાનાં આહવા-ચિંચલી માર્ગ પર પાંડવા ફાટક પાસે મહારાષ્ટ્ર પાસિંગ નંબર પ્લેટ ધરાવતી બે કાર વચ્ચે ટક્કર થઈ હતી. આ ઘટનામાં આશરે પાંચ લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. અકસ્માત બાદ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને ૧૧૨ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરીને મદદ માંગી હતી.-પ્રાપ્ત માહિતી અનુસાર, કાર નંબર ૫્.૧૫.જ્જ. ૨૧૪૯ આહવાથી મહારાષ્ટ્ર તરફ જઈ રહી હતી.આ કારમાં સવાર લોકો સુરતની હોસ્પિટલમાં એક નાના બાળકની સારવાર કરાવ્યા બાદ મહારાષ્ટ્ર પરત ફરી રહ્યા હતા.બીજી કાર નંબર MH.20.HH.6870 મહારાષ્ટ્રથી ડાંગ જિલ્લાના બિલમાળ તરફ જઈ રહી હતી. પ્રાથમિક માહિતી મુજબ, બીજી કાર પાંડવા માર્ગ તરફ વળવાની તૈયારીમાં હતી, તે દરમિયાન બંને કાર વચ્ચે ટક્કર થઈ હતી.આ અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર રાહદારીઓએ તાત્કાલિક ૧૦૮ અને ૧૧૨ ઈમરજન્સી સેવાઓને જાણ કરી હતી. યારબાદ આશરે પાંચ ઈજાગ્રસ્તોને સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલમાં આ બનાવ અંગે ડાંગ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.




## પારડીમાં પોલીસે ૩૪ મોબાઈલો મૂળ માલિકને પરત કર્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૬ :** પારડી પોલીસ દ્વારા નાગરિકોના ખોવાયેલાપડી ગયેલા અને ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી કાઢવાની સરાહનીય કામગીરી કરવામાં આવી છે. પોલીસ દ્વારા સીઈઆઈઆર CEIR પોર્ટલ અને ટેકનિકલ વિશ્લેષણની મદદથી અલગ-અલગ કંપનીના કુલ ૩૪ મોબાઈલ ફોન, જેની કિંમત આશરે રૂ. ૭,૧૬,૮૯૩ થાય છે, શોધી કાઢી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા.

પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ આઈપીએસ, સુરત વિભાગ, વલસાડ પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા આઈપીએસ તથા વલસાડ વિભાગના પોલીસ અધિક્ષક એ.કે. વર્માના માર્ગદર્શન અને સૂચના હેઠળ પારડી પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલની દેખરેખમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી પારડી પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ગુમ થવા અંગે મળેલી અરજીઓના આધારે

આ.પો.કો. મયુરસિંહ કનકસિંહ દ્વારા સીઈઆઈઆર પોર્ટલ અને ટેકનિકલ વિશ્લેષણની મદદથી ગુમ થયેલા તથા ચોરી થયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને કુલ ૩૪ મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત સોંપવા માટે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ દરમિયાન પોલીસે આશરે રૂ. ૭.૧૬ લાખની કિંમતના મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપ્યા હતા. લાંબા સમય બાદ પોતાના ખોવાયેલા મોબાઈલ ફોન પરત મળતાં નાગરિકોમાં ખુશી જોવા મળી હતી પારડી પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ કોન્સ્ટેબલ મયુરસિંહ કનકસિંહ તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ દીપિકા જયંતીભાઈએ ટીમવર્કથી આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી.

પારડી પોલીસની આ કામગીરીને નાગરિકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

## નવસારીના સુપામાં રૂા. ૪૫૦ કરોડના ખર્ચે 'દ્રષ્ટીધામ' રચાશે

### ગુજરાતની સૌપ્રથમ અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ માટે વિશ્વવિખ્યાત કથાકાર પ.પૂ. મોરારિ બાપુની ડિસેમ્બરમાં કથા યોજાશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

**અમદાવાદ, તા. ૨૬ :** સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNM Trust) દ્વારા નવસારીના સુપામાં દ્રષ્ટિહીન વ્યકિતઓની આંખોમાં રોશની પ્રગટાવવાના ઘર ઘર દ્રષ્ટિ અભિયાનના પ્રયાસના ભાગરૂપે રૂ.૪૫૦ કરોડના ખર્ચે વૈશ્વિક સ્તરની સુવિધા સભર અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરશે. પ‍્‍િમ ભારતની વિશ્વકક્ષાની અત્યાધુનિક નેત્ર હોસ્પિટલના લાભાર્થે આવતીકાલે શહેરના કર્ણાવતી કલબ પાસે આવેલા ઔડા ઓડિટોરિમ ખાતે 'ઘર ઘર દ્રષ્ટિ – દ્રષ્ટિથી સેવા તરફ' જાણીતા કલાકાર માયાભાઈ આહિરના હાસ્ય અને સાહિત્યસભર કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેમજ સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુપા ગામ (ગુરૂકુલ), નવસારી ખાતે તા. ૦૫, થી ૧૩ , ડીસેમ્બર-૨૦૨૬ દરમિયાન વિશ્વ વંદનીય, સંત વિભૂતિ, પરમ પૂજ્યશ્રી મોરારી બાપુની 'શ્રી રામ કથા'નું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ(SVNM Trust)ના પ્રમુખ ડો. ભાવિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં આંખોની તકલીફો ખૂબ જ ઝડપથી વધતી જોવા મળે છે,

જેના અનુસંધાને નવસારી જીલ્લાના સુપા ગામ ખાતે આશરે ૧૬ વીઘા જમીનમાં ૨૦૦ બેડ, ૨૧ ઓપરેશન થિયેટર અને ૬૪ OPD ધરાવતી અત્યાધુનિક સુપર સ્પેશ્યાલિટિ આઈ હોસ્પિટલ 'દ્રષ્ટિ ધામ'નું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ 'દ્રષ્ટિ ધામ'માં આંખના વિવિધ રોગો જેવા કે મોતિયો, ગ્લુકોમા, રેટિના સંબંધિત રોગોના નિષ્ણાત ડૉક્ટરોની સારવાર ઉપલબ્ધ રહેશે. આ 'દ્રષ્ટિ ધામ'માં વર્ષે અંદાજે ૧,૨૦,૦૦૦ ઓપરેશનો થઈ શકે તેવી સુવિધાઓ હશે. આ હોસ્પિટલનો મુખ્ય હેતુ સમાજના છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ અને રાહત દરે અથવા નિ:શુલ્ક નેત્ર સારવાર પહોંચાડવાનો છે.

સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ(SVNM Trust)ના સીઈઓ ડો. દિશાંતભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે, સુપા ગામ ખાતે નિર્માણ પામનારા 'દ્રષ્ટિ ધામ'માં જે લોકો સાવ જોઈ નથી શકતા તેવા નેત્રહીન લોકો માટે પુનર્વસન કેન્દ્ર સ્થાપવામાં આવશે. SVNM Trustના કર્મયોગી નીરવભાઈ પટેલે સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટની વિવિધ સેવાઓ અંગેની માહિતી આપી હતી.

આ સાથે ચશ્મા રથ દ્વારા અંતરિયાળ ગામડાઓ સુધી પહોંચી માત્ર ૧૦ મિનિટમાં નંબર પ્રમાણેના ચશ્મા આપી લોકોને નવી દ્રષ્ટિ અને સ્પષ્ટ વિઝન આપવાનો અનોખો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**